અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 240, Dt.20-07-2023 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

ખાલી ખરો નિર્ણય લઈ લેવો એમાં કંઈ હોશિયારી નથી પણ ખરા સમયે ખરો નિર્ણય લેવો એમાં હોશિયારીની વાત છે.

ઈસ્કોન બ્રિજ પર ઊભા લોકો પર બિલ્ડર પુત્રએ જેગ્યુઆર કાર ચડાવી

અમદાવાદમાં ભયાનક અકસ્માત : કોન્સ્ટેબલ સહિત ૯ ના મોત

મૃતકોમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર-બોટાદના ૨૦-૨૫ વર્ષના યુવાનો સામેલઃ પોલીસ કોન્સ્ટેબલ પણ ભોગ બન્યાઃ મોડીરાત્રીના દુર્ઘટના ભયાનક ટકકરમાં અનેક છેક ૨૦-૩૦ ફુટ દુર ફંગોળાયાઃ અકસ્માત સર્જનાર અને તેના સાથી પણ ઘાયલ

અકસ્માતની ઘટનાના મૃતકોને ચાર લાખની સહાયઃ ઈજાગ્રસ્તોને ૫૦ હજાર અપાશે

અમદાવાદનાં ઈસ્કોન બ્રીજ પર ગઈકાલે રાત્રે કરૂણ ઘટના સર્જાઈ હતી જેમાં પુરપાટ ઝડપે આવતી કારે બ્રીજ પર ઉભેલા લોકોને કચડ્યા હતા આ ઘટનામાં ૯ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. અને ૧૦ થી વધુ ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટવીટ કરી દુઃખ વ્યકત કર્યુ હતું તેમજ મૃતકો અને ઈજાગ્રસ્તો માટે સહાય જાહેર કરી છે. મુખ્યમંત્રીએ ટવીટ કરી ઘટનાને પગલે દુઃખ વ્યકત કર્યુ અને મૃતકોને ચાર-ચાર લાખ તેમજ ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારની સહાય જાહેર કરી છે. હાલ આ પગલે પોલીસે ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.કારચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો.આથી હાલ કારચાલક તનય પટેલ સારવાર હેઠળ હોસ્પીટલમાં દાખલ છે. મુખ્યમંત્રીએ પણ કડક કાર્યવાહીની બાહેંધરી આપી છે.

અકસ્માત સર્જનાર બિલ્ડર પુત્ર તથ્ય પટેલ

અમદાવાદમાં મોડી રાત્રે ભયાનક અકસ્માત સર્જાયો છે. શહેરના ઈસ્કોન બ્રિજ પર ૧૬૦ની સ્પીડે આવેલી કારમુખી જગુઆર કાર એક સાથે ૯ લોકોને ભરખી ગઈ. આ ભયાનક અકસ્માતને પગલે આખું અમદાવાદ ધ્રુજી ઉઠ્યું છે. એકસાથે ૯ લોકોનો જીવ લેનાર તથ્ય પટેલ ગોતાના કુખ્યાત પ્રજ્ઞેશ પટેલ દીકરો હોવાનું સામે આવ્યું છે. એવું પણ જાણવા મળ્યું છે કે, અકસ્માત સર્જાયા બાદ પ્રજ્ઞેશ પટેલે ઘટનાસ્થળે પહોંચીને પોલીસ સાથે દાદાગીરી કરી હતી અને તથ્યને છોડાવીને રાત્રે જ લઈ ગયો હતો. આપને જણાવી દઈએ કે, પ્રજ્ઞેશ પટેલ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. નવેમ્બર ૨૦૨૦માં તેની સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. રાજકોટની યુવતીને કોર્પોરેટ કંપનીમાં નોકરી અપાવવાનું કહીને અમદાવાદ શહેરના પાંચ યુવકે સામૂહિક દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ અમદાવાદ ખાતે નોંધાઈ હતી. આ તમામ યુવતીને આબુ અને ત્યાંથી ઉદેપુર લઈ ગયા હતા. જ્યાં કોલ્ડ્રિંકમાં દારૂ ભેળવી યુવતીને બેભાન કરી યુવતી સાથે સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ યુવતીનો વીડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું

અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તથ્ય પટેલને માર માર્યો

અકસ્માત બાદ સ્થાનિક લોકો રોષે ભરાતા જગુઆર ચાલક તથ્ય પટેલને કારમાંથી બહાર કાઢીને ઢોર માર માર્યો હતો અને લોહીલુહાણ કરી નાખ્યો હતો. જેના કારણે તેને પણ ઈજાઓ પહોંચી હતી એવામાં હાલ તથ્ય પટેલને સિમ્સ હોસ્પિટલમાં ICUમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે અને ૨૪ કલાક બાદ ડોક્ટરની સલાહ બાદ પોલીસ તેની ધરપકડ કરશે.

ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ નથીઃ પોલીસ

અકસ્માત બાદ ટ્રાફિક ડીસીપી નીતા દેસાઈએ મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઘટના ડ્રિંક એન્ડ ડ્રાઈવની નથી પરંતુ ઓવરસ્પીડના કારણે અકસ્માત થયો હોવાનું સામે આવ્યું છે. અકસ્માતની ઘટનામાં કોઈને છોડવામાં આવશે નહીં અને કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં તથ્ય પટેલ સિમ્સ હોસ્પિટલમાં આઈસીયુ હેઠળ સારવારમાં છે, ડોકટરના કહેવા મુજબ તેને ૨૪ કલાક ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે. આથી તેની ધરપકડ કરવામાં આવી નથી.

અમદાવાદ.તા.૨૦

ગુજરાતના પાટનગર સમાન અમદાવાદમાં ગઈરાત્રીના એક અત્યંત ગોઝારા અને ખૂબજ વિચિત્ર કહી શકાય તેવા એકશનમાં ઈસ્કોન પુલ પાસે એક ડમ્પર તથા 'થાર' જીપ વચ્ચે સર્જાયેલા એક નાના અકસ્માતમાં ઘવાયેલા લોકોને બચાવવા તથા આ અકસ્માત જોવા માટે ઉભેલા લોકો પર એક ખૂબજ ઝડપથી આવેલી જેગુઆર કારે હડફેટમાં લેતા એક પોલીસ તથા હોમગાર્ડ જવાન સહિત નવ લોકો માર્યા ગયા હતા.

જેગુઆર અત્યંત ઝડપે ૧૬૦ કિમીની સ્પીડથી આવી રહી હતી તેને માર્ગમાં સંખ્યાબંધ લોકો અકસ્માત સ્થળની આસપાસ ઉભા હતા તેના પર આ ઓવરસ્પીડ કાર ચડાવી દેવાઈ હતી.મૃતકોમાં અમદાવાદ-બોટાદ તથા સુરેન્દ્રનગરના રહેવાસીઓને સમાવેશ થાય છે તો આ જેગુઆર ચલાવનાર યુવાન સ્થાનિક કુખ્યાત ઈમેજ ધરાવનાર એક વ્યક્તિનો પુત્ર હતો અને તેની સાથે અન્ય એક યુવાન તથા એક યુવતી પણ જેગુઆરમાં હતા જે ત્રણેને આ દુર્ઘટનાથી ઈજા થઈ હતી.

આ દુર્ઘટનામાં જેગુઆર એટલી ઝડપે ટોળા પર ચડી ગઈ હતી કે તેની હડફેટમાં આવેલા કેટલાક ૨૫-૩૦ ફુટ દુર સુધી ફંગોળાઈ ગયા હતા. અમદાવાદના રાત્રીના પણ ધમધમતા રહેતા અમદાવાદ-ગાંધીનગર માર્ગના ઈસ્કોન ઓવરબ્રીજ પાસે આ દુર્ઘટના મોડીરાત્રીના બની હતી. ઈસ્કોન બ્રીજ પરથી પસાર થતા એક ડમ્પરની પાછળ મહિન્દ્રા 'થાર' ઘુસી ગઈ હતી અને તેથી અહી લોકો એકત્ર થઈ ગયા હતા તે સમયે કર્ણાવતી કલબ તરફથી ઓવરસ્પીડમાં આવી રહેલી ચાલકે માર્ગ પર ઉભેલા ટોળાની ઉપર જ તેની જેગુઆર ચડાવી દેતા જબરી ચીસાચીસ તથા નાસભાગ થઈ હતી તથા અનેક લોકો ઘાયલ થતા આસપાસ લોહી વહેવા લાગ્યું હતું.જેમાં અગાઉના અકસ્માત અંગે કાર્યવાહી કરી રહેલા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ તથા એક હોમગાર્ડ પણ આ જેગુઆરની હડફેટમાં આવી ગયા હતા. આ અકસ્માતમાં છ લોકોના તો ઘટના જ સ્થળે મૃત્યુ થયા અન્ય ત્રણે હોસ્પીટલમાં સારવાર સમયે અંતિમ શ્વાસ લીધા હતા. આ અકસ્માત એટલો જોરદાર હતો અને તેની હડફેટમાં આવેલા લોકોની ચીસાચીસથી માર્ગ ગાજી ઉઠયો અને જેગુઆર ચાલક તથા તેની સાથે રહેલાને પણ ઈજા થઈ હતી તેથી તેઓને સ્થાનિક લોકોએ કારમાંથી બહાર કાઢીને ટપલીદાવ કર્યો હતો પણ બાદમાં તેઓને પણ સારવાર માટે હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ અંગે કાર્યવાહી શરુ કરી છે અને ઈજાગ્રસ્ત ચાલક પર પોલીસ પહેરો ગોઠવી દીધો છે.

મૃતકોમાં સુરેન્દ્રનગર-બોટાદના રહેવાસીઓ

- નિરવ રામાનુજ ઉ.વ.૨૨ ચાંદલોડીયા, અમદાવાદ
- અક્ષય ચાવડા ૨૧ વર્ષ, બોટાદ
- રોનક રાજેશભાઈ વિઠલાપરા (૨૩ વર્ષ), બોટાદ
- ધર્મેન્દ્રસિંહ (૪૦ વર્ષઃ ટ્રાફીક હેડકોન્સ્ટેબલ)
- નિલેષ ખટીક (૩૮ વર્ષ), અમદાવાદ
- કૃણાલ ડોડીયા (ઉ.વ.૨૩), બોટાદ
- અમન કચ્છી (૨૫ વર્ષ), સુરેન્દ્રનગર
- અરમાન અનિલભાઈ વઢવાણીયા (૨૧ વર્ષ), સુરેન્દ્રનગર
- એક મૃતકની ઓળખ નિશ્ચિત થઈ નથી.

તોફાની વરસાદ વચ્ચે રાયગઢમાં ભૂસ્ખલનઃ પાંચ મોત- ૧૨૦ દટાયા

તોફાની વરસાદ વચ્ચે મધરાત્રે ભરઉંઘમાં સુતેલા લોકો પર પર્વત પડ્યોઃ યુદ્ધના ધોરણે રાહત-બચાવકાર્ય; એનડીઆરએફની ટીમને તૈનાત કરાઈઃ મુખ્યમંત્રી શિંદે પહોંચ્યાઃ મૃત્યુઆંક વધવાની આશંકા

મુંબઈ તા.૨૦ :

ગુજરાતની જેમ મુંબઈ-મહારાષ્ટ્રએ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ પકડયું છે અને ચાર જીલ્લામાં પુર પરીસ્થિતિ સર્જાઈ છે તેવા સમયે રાયગઢ જીલ્લામાં એક પહાડ તુટી પડવાથી ભૂસ્ખલન સર્જાતા પાંચ લોકોના મોત નિપજયા હતા. જયારે ૧૨૦થી વધુ લોકો દટાયા હતા. આ ઘટનાને પગલે રેડએલર્ટ જાહેર કરીને યુદ્ધના ધોરણે રાહત-બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.રાયગઢ જીલ્લાના ખાલાપુર તાલુકાના ઈરશાલવાડી ગામમાં મધરાત્રે ભયાનક ભૂસ્ખલન સર્જાયુ હતું. રાજયના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે ગામમાં ૪૮ પરિવારોનો વસવાટ હતો. ૭૫ લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. પાંચ લોકોના મોત નિપજયા છે. રાહત-બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમને ઉતારવામાં આવી છે. ભારે વરસાદ તથા ગાઢ અંધકારને કારણે રાહતકાર્યમાં શરૂઆતમાં વિઘ્ન હતું

પરંતુ સવારથી કાર્યવાહી ઝડપી બનાવવામાં આવી છે. ભારે વરસાદના તોફાની વાતાવરણમાં મધરાત્રે લોકો ભરઉંઘમાં હતા ત્યારે આ ભયાનક ભૂસ્ખલન થયુ હતું. પાંચ લોકોના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા છતાં ૧૨૦થી વધુ લોકો કાટમાળ હેઠળ દટાયેલા હતા. તેઓને બચાવવા એનડીઆરએફ સહિતની બચાવ ટુકડીઓ દ્વારા યુદ્ધના ધોરણે પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ દુર્ઘટનાને પગલે નાયબ મુખ્યમંત્રી જીત પવાર ઈમરજન્સી કેન્દ્રમાં પહોંચ્યા હતા. મુખ્યમંત્રી એકનાથ શિંદે દુર્ઘટનાગ્રસ્ત ગામમાં પહોંચ્યા હતા.

રાયગઢ જીલ્લામાં ભૂસ્ખલન દુર્ઘટનામાં બચાવ કામગીરી માટે તુર્ત જ ફાયરબ્રિગેડ સહિતની બચાવ ટીમો પહોંચી ગઈ હતી. નવી મુંબઈ નગર નિગમની ટીમને પણ દોડાવવામાં આવી હતી. આ તકે તોફાની પવન સાથે ભારે વરસાદમાં જવાનો દબાયેલા લોકોને બહાર કાઢી રહ્યા હતા તત્કાલ હોસ્પીટલમાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આજથી સંસદમાં મોનસૂન સત્ર પ્રારંભઃ મણિપુર-વટહુકમ અંગે સરકારને ઘેરવા વિપક્ષ તૈયાર

સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સીપીએમ સહિત તમામ વિપક્ષી દળોએ મણિપુર હિંસા પર ચર્ચાને પ્રાથમિકતા પર રાખી

નવી દિલ્હી.તા.૨૦

મણિપુરમાં ચાલી રહેલી હિંસા અને દિલ્હી વટહુકમને લઈને હોબાળો થવાની આશંકા વચ્ચે આજથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. વિપક્ષની મહાબેઠક બાદ યોજાનાર ચોમાસુ સત્રમાં વિરોધ પક્ષો અને એનડીએ વચ્ચે ભારે ઘમસાણ થવાની શક્યતા છે. કોંગ્રેસે મણિપુર હિંસા પર ચર્ચામાં સમાધાન નહીં કરવાની જાહેરાત કરીને પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. બીજી તરફ સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ સ્પષ્ટ કર્યું કે સંસદીય નિયમો અને સ્પીકરના નિર્દેશો અનુસાર તેઓ મણિપુર સહિત કોઈપણ વિષય પર ચર્ચા કરવા તૈયાર છે.

મણિપુર હિંસા પર ચર્ચામાં કોઈ સમાધાન નહીં કરવાની જાહેરાતથી સ્પષ્ટ છે કે આ અંગે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર દલીલ થઈ શકે છે. સર્વપક્ષીય બેઠકમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સીપીએમ સહિત તમામ વિપક્ષી દળોએ મણિપુર હિંસા પર ચર્ચાને પ્રાથમિકતા પર રાખી છે. આ સાથે એકજુટ વિપક્ષ પણ દિલ્હી અધ્યાદેશને લઈને આક્રમક દેખાશે અને સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. આમ આદમી પાર્ટી સહિત તમામ વિપક્ષી નેતાઓએ સુપ્રીમ કોર્ટના નિર્ણય વિરૂધ્ધ લાવવામાં આવેલા આ વટહુકમને લોકશાહી અને બંધારણ વિરૂધ્ધ ગણાવ્યો છે.

આ મોનસૂન સેશનમાં બેંગ્લુરુમાં INDIA ગઠબંધનને આપનાર વિપક્ષની એકજૂટતાની પણ પહેલી પરીક્ષા થશે. એકજૂટ વિપક્ષ માટે પણ આ વટહુકમ સંબંધિત બિલને બંને ગૃહોમાંથી પસાર થતું અટકાવવું મુશ્કેલ બનશે. સર્વપક્ષીય અને કાર્યમંત્રણા સમિતિની બેઠકોમાં પ્રહલાદ જોશીએ જણાવ્યું કે ૧૧ ઓગસ્ટ સુધી ચાલનારા ચોમાસુ સત્રમાં સરકાર દ્વારા ૩૧ બિલ રજૂ કરવામાં આવશે. જેમાં દિલ્હી વટહુકમ સાથે સંબંધિત બિલ તેમજ ફિલ્મ પાયરસી રોકવા માટેના કાયદાનો ડ્રાફ્ટ સામેલ છે.

બંધારણીય જોગવાઈઓ મુજબ, સરકાર માટે આ સત્રમાં જ દિલ્હી વટહુકમ સાથે સંબંધિત બિલ પસાર કરવું જરૂરી બનશે. આ સાથે વય-આધારિત શ્રેણીમાં ફિલ્મ પ્રમાણપત્ર આપવા, નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના, વ્યક્તિગત ડેટા સંરક્ષણ, વન સંરક્ષણ અધિનિયમમાં સુધારાને લગતા બિલો પણ રજૂ કરવામાં આવશે. બીજી તરફ, સરકાર ચોમાસુ સત્ર દરમિયાન સહકારી ક્ષેત્ર સાથે સંબંધિત પબ્લિક ટ્રસ્ટ એમેન્ડમેન્ટ બિલ અને મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઝ બિલ પસાર કરવાનો પ્રયાસ કરશે.

સર્વપક્ષીય બેઠકમાં BJD, YSR કોંગ્રેસ અને BRSએ મહિલા અનામત બિલ પસાર કરવાની માંગ કરી હતી. સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરતું બિલ રાજ્યસભામાં પસાર થઈ ચૂક્યું છે અને લોકસભામાં પેન્ડિંગ છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ પણ સત્રને સુચારૂ રીતે ચલાવવા માટે ગૃહના નેતાઓની બેઠકમાં દરેકનો સહયોગ માંગ્યો હતો. બીજી તરફ, વિરોધ પક્ષોના નેતાઓએ સ્પષ્ટ કહ્યું કે તેઓ મણિપુર હિંસા પર સંસદના બંને ગૃહોમાં પીએમ મોદીના નિવેદનની માંગ કરે છે.

ભારતના પાસપોર્ટથી ૫૭ દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી

દુનિયાના સૌથી શકિતશાળી પાસપોર્ટમાં સિંગાપોર અવ્વલઃ ભારત ૮૦માં ક્રમે

નવીદિલ્હી,તા.૧૯

વિશ્વના સૌથી શકિતશાળી પાસપોર્ટના રેન્કિંગમાં જાપાનને પાછળ રાખીને સિંગાપોરે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. સિંગાપોરના પાસપોર્ટથી વિશ્વના ૧૯૨ દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ મળે છે. બીજી તરફ આ યાદીમાં ભારત પાંચ સ્થાન કુદાવીને ૮૦માં સ્થાને આવ્યું છે. ભારતના પાસપોર્ટથી ૫૭ દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ મળે છે.

મંગળવારે જારી થયેલા હેન્લી પાસપોર્ટ ઈન્ડેક્સ મુજબ છેલ્લાં પાંચ વર્ષથી ટોચના સ્થાને રહેલું જાપાન ગબડીને ત્રીજા સ્થાને આવી ગયું છે. જાપાનના પાસપોર્ટથી વિશ્વના ૧૮૯ દેશોમાં વિઝા વગર પ્રવેશ મળે છે. તે ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, લક્ઝમબર્ગ, દક્ષિણ કોરિયા અને સ્વીડન સાથે ત્રીજું સ્થાન શેર કરે છે.

બીજા સ્થાને જર્મની, ઇટલી અને સ્પેન, જે તમામ દેશો ૧૯૦ સ્થળોની વિઝા-મુક્ત પ્રવેશ આપે છે. બ્રિક્ઝિટ પછીથી નરમાઇનો સામનો કરી રહેલું બ્રિટન આ રેન્કિંગમાં બે સ્થાન કુદાવીને ચોથા સ્થાને આવ્યું છે. ૨૦૧૭માં પણ બ્રિટન ચોથા સ્થાને હતું. રેન્કિંગમાં અમેરિકાનું સ્થાન સતત ગબડી રહ્યું છે અને આ વર્ષે તે આઠમાં ક્રમે આવ્યું છે. અમેરિકાના પાસપોર્ટથી ૧૮૪ દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ મળે છે. આઠમાં સ્થાને લિથુયાનિયા પણ છે.આ રેન્કિંગમાં એકમાત્ર સિંગાપોરના ક્રમ ઉપર આવ્યોછે. યાદીમાં સૌથી નીચા ક્રમે અફઘાનિસ્તાન છે. તળિયાના બીજા પાંચ દેશોમાં પાકિસ્તાન ૧૦૦મા, સીરિયા ૧૦૧મા અને ઇરાક ૧૦૨મા ક્રમે આવે છે. અહીં ઉલ્લેખનીય છે કે એક દાયકા પહેલા અમેરિકા અને બ્રિટન હેન્લી ઇન્ડેક્સમાં ટોચ પર હતાં, તે સમગ્ર વિશ્વમાં ભૌગોલિક રાજકીય ફેરફારોની અસર દર્શાવે છે.

દરેક રાજયોનાં અધિકારીઓને નવી ટેકનોલોજી ઉપલબ્ધ કરાવાશે

હવે બોગસ જીએસટી રજીસ્ટ્રેશન પર આવશે તવાઈ

જીએસટી ચોરી અને બોગસ રજીસ્ટ્રેશન પકડવા જીએસટી અધિકારીઓને એઆઈ અને ડેટા એનાલિસિસ ટેકનીકથી સજ્જ કરાશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૦ :

દેશમાં સ્થાનિક સ્તરે બોગસ જીએસટી રજીસ્ટ્રેશન અને કરચોરી પકડવાની મનાતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજય સ્તરે બધા જીએસટી અધિકારીઓને આર્ટીફીશીયન ઈન્ટેલીજન્સ (એઆઈ) અને ડેટા એનાલીસીસ ટેકનીકથી સજ્જ હશે. આથી બોગસ કંપનીઓનું રજીસ્ટ્રેશન લગભગ અસંભવ થઈ જશે

સાથે સાથે બોગસ કંપનીઓનો પતો મળતા જ દરોડા પણ પાડવામાં આવશે. રાજય સચીવ સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે રાજય સ્તરે બધા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે પોતાના વિસ્તારોમાં કંપનીઓ પર નજર રાખે તેના માટે તમામ ટેકનિકલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સિવાય અધિકારી બાતમીદારોના નેટવર્કની મદદથી બોગસ કારોબારીઓની ઓળખ કરશે જે જીએસટી ચોરી કરીને માહોલ ખરાબ કરે છે.

આ પગલાઓ ઉઠાવવામાં આવશે

- જીએસટી ચોરીમાં સામેલ લોકોની ઈડી તપાસ કરશે
- વધુ કર છૂટનો દાવો કરવાનું કારણ બતાવવુ પડશે
- રજીસ્ટ્રેશન કરાવનારાઓનું ભૌતિક વેરિફિકેશન થશે
- જીએસટી રિટર્નનું પણ વેરિફિકેશન કરાશે
- આવેદન કરનારને તેના જોખમના આધારે રેટીંગ મળશે

બોગસ બીલ નહિં બની શકેઃ મહેસુલ સચીવે જણાવ્યું હતું કે પ્રારંભીક કેટલાંક દિવસોમાં રિટર્ન દાખલ કરવાની છૂટનો ફાયદો ઉઠાવીને બોગસ કંપનીઓ રજીસ્ટર થઈ ગઈ છે.આવી કંપનીઓ બોગસ બિલ બનાવીને જીએસટી ચોરી કરે છે.જીએસટી નેટવર્ક પર બોગસ બીલ બની જ ન શકે

તેના માયે પણ ટેકનિકને અપગ્રેડ કરવાનું કામ ચાલી રહ્યું છે. કારોબારનો ખુલાસો થઈ શકશેઃરાજયના રીપોર્ટનાં આધારે વિભાગ કંપનીઓ પર કાર્યવાહી કરશે જોકે કાળા ધંધાનાં તાર બીજા રાજયોમાં પણ મળી આવ્યા છે. તેનો ખુલાસો કરવામાં પણ સરળતા રહેશે. વિભાગ રાષ્ટ્રીય સ્તરે બોગસ કંપનીઓ પર દરોડા પાડશે.

આવકવેરા વિભાગની સ્પષ્ટતા

આધાર-પાન લીંકઅપ ના હોય તો પણ આવકવેરા રીટર્ન ભરી શકાશે

નવી દિલ્હી,તા.૨૦

દેશમાં પાન-આધાર લીંકઅપની મુદત તા.૩૦ જૂનના પુરી થઈ છે અને તે બાદ જેઓના પાન-આધાર લીંકઅપ નથી તેઓના પાનકાર્ડ ડીએકટીવ થયા છે તેવી જે વ્યાપક માન્યતા પ્રવર્તે છે તેમાં આવકવેરા વિભાગે સ્પષ્ટતા કરતા કહ્યું કે આ પ્રકારે જેઓએ પાન-આધાર લીંક થયા નથી તેઓ પણ આવકવેરા રીટર્ન તો ફાઈલ કરી જ શકે છે તેવી સ્પષ્ટતા ટવીટ મારફત કરી છે. આવકવેરા વિભાગે જણાવ્યું છે કે ઈન ઓપરેટીવ પાનકાર્ડ એ ઈન એકટીવ થયા નથી તેથી આ પ્રકારે પાનકાર્ડ ધરાવનાર તેનું આવકવેરા રિટર્ન ફાઈલ કરી જ શકે છે. તેઓને રીટર્ન ફાઈલ કરવામાં કોઈ મુશ્કેલી પડશે નહી.

ફકત જેઓના પાનકાર્ડ લીંકઅપ નથી તેઓને નીચે મુજબની મુશ્કેલી પડી શકે છે.

- આ પ્રકારના ઈનઓપરેટીવ પાનકાર્ડમાં પેન્ડીંગ રીફંડ કે તેનું વ્યાજ ચુકવાશે નહી.
- આ પ્રકારના પાનકાર્ડમાં આવકવેરા ધારાની કલમ ૨૦૬ એએ મુજબ ઉંચા દરે ટીડીએસ કપાશે. આજ રીતે જો ટીડીએસ કપાતો હોય તો તે પણ ઉંચા દરે કપાશે.
- જેઓ ૮૦ વર્ષ કે તેથી વધુની ઉંમરના હોય અથવા તો આસામ-જમ્મુ-કાશ્મીર કે મેઘાલયના રહેવાસી હોય અને આવકવેરા ધારાની કલમ ૧૬૧ મુજબ નોન રેસીડેન્ટ હોય તેને આ નિયમો લાગુ થતા નથી અથવા તો ભારતીય નાગરિક ના હોય તેને પણ આ નિયમ લાગુ થતા નથી

મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડતા ૧૫ આવાસો સીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત મહર્ષિ અરવિંદ ટાઉનશીપ અને શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપ, રેલનગર વિસ્તારમાં બનાવવામાં આવેલ છે. મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડતા મહર્ષિ અરવિંદ ટાઉનશીપ અને શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપમાં કુલ ૧૫ આવાસો સીલ કરવામાં આવ્યા છે.

ઉપરોકત આવાસોમાં મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ રહેતા હોવાનું માલુમ પડેલ હોઈ નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે આજે તા.૨૦/૦૭ના રોજ મહર્ષિ અરવિંદ ટાઉનશીપમાં ૧૧ આવાસો તથા શ્યામજી કૃષ્ણ વર્મા ટાઉનશીપમાં ૪ આવાસો મળી કુલ ૧૫ આવાસો આવાસ યોજના વિભાગ દ્વારા સુરક્ષા વિભાગ તથા દબાણ હટાવ ટીમને સાથે રાખી સીલ કરવામાં આવેલ છે.

કોંગ્રેસના વશરામ સાગઠિયાની પિટિશન પર હાઈકોર્ટે ચૂંટણી સ્થગિત કરી

રાજકોટ મનપાના વોર્ડ નં.૧૫ ની પેટાચૂંટણી પર હાઈકોર્ટનો મનાઈ હુકમ

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે પૂર્વ કોર્પોરેટર વશરામ સાગઠીયા અને શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ સંજય અજુડીયા નજરે પડે છે. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૫ માંથી ચૂંટાયેલા કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા તથા કોમલબેન ભારાઈને સભ્યપદ ધારણ કરવા સરકારે ગેરલાયક ઠેરવવા આવેલ હતા સદર હુકમ સાથે બંને કોર્પોરેટરોએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી અને સદર પિટિશન ન્યાયના નિકાલ અર્થે પડતર હતી તે દરમિયાન ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ વોર્ડ નંબર ૧૫માં બંને સભ્યોની ખાલી પડેલ જગ્યા ભરવા પેટા ચૂંટણી જાહેર કરવામાં આવી હતી બંને કોર્પોરેટર પેટા ચૂંટણી થતી અટકાવવા નામદાર હાઇકોર્ટમાં સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી નામદાર ગુજરાત હાઇકોર્ટે તમામ પક્ષકારોને સાંભળીને રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧૫ ની બંને ખાલી બેઠકો પર જાહેર થયેલ પેટા ચૂંટણી અટકાવવા નિર્દેશ આપેલ છે,ચિંતન પી ચાંપનેરીએ બંને અરજદારો દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી અને સરકારને અને ભાજપને વશરામભાઈએ તમાચો માર્યો હોય તેવું લાગી રહ્યું છે તેમ જણાવ્યું છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.૧૫ ની પેટાચૂંટણી માટે ગુજરાત હાઈકોર્ટ મનાઈ હુકમ ફરમાવી દિધો છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.૧૫ ની પેટાચૂંટણીને પડકારતી રિટ વશરામ સાગઠિયા દ્વારા કરાયેલી અરજીમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, આગામી તા.૬ ઓગસ્ટના રોજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.૧૫ ની બે બેઠકો માટેની પેટાચૂંટણી યોજવા જઈ રહી છે. આ અંગે રાજય ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું પણ જાહેર કરી દેવાયું છે. પરંતુ જો આ ચૂંટણી યોજાય તો અરજદારોને ભરપાઈના થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. કારણ કે, અરજદાર અને તેમના સાથી કોર્પોરેટર સામે પક્ષાંતર ધારા હેઠળ ગેરલાયક ઠરાવાયા તે કાર્યવાહીને પડકારતી અરજી હજુ હાઈકોર્ટમાં પડતર છે. ભવિષ્યમાં જે આ કેસમાં ચુકાદો અરજદારની તરફેણમાં આવે તો પછી આ ચૂંટણીનું પરિણામ નિરર્થક સાબિત થશે. જો પડતર રિટ અરજીમાં અરજદાર જીતી જાય તો તેમને હોદ્દા પર પુનઃ નિયુકત કરવા પડે અને જો ચૂંટણી સ્ટેના થાય અને યોજાઈ જાય તો જીતેલા ઉમેદવાર હોદ્દા પર બેસે તો એક જ હોદ્દા પર બે ઉમેદવારને બેસાડવાની ભારે વિમાસણભરી પરિસ્થિતિનું નિર્માણ થાય. આ સંજોગોમાં અરજદારોની પક્ષાતર ધારા હેઠળની કાર્યવાહીને પડકારતી રિટનો આખરી નિકાલના આવે ત્યાં સુધી હાઈકોર્ટ તાત્કાલિક ધોરણે વોર્ડ નં.૧૫ ની ચૂંટણી સ્ટે કરવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના વશરામભાઈ સાગઠિયા અને કોમલબેન ભારાઈ આમ આદમી પાર્ટીમાં જોડાઈ જતાં તેમને ગેરલાયક ઠરાવવામાં આવ્યા હતા. જો કે, તાજેતરમાં બંનેએ ફરી કોંગ્રેસમાં ઘરવાપસી કરી હતી. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૭૨ બેઠકોમાંથી ૬૮ બેઠકો પર ભાજપનો કબ્જો છે.

જેતપુર, સરપદડ અને વિંછીયાના ગુંદાળામાં દરોડાઃ પતા ટીંચતા ૨૨ની ઝડપાયા

રૂરલ પોલીસનો સપાટોઃ તિનપતી અને ઘોડીપાસાનો જુગાર રમતા શખ્સો પાસેથી રૂ.૩૦૫૦૦ની મતા કબ્જે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૦ : રૂરલ પોલીસે જેતપુર, સરપદળ અને વિંછીયાના ગુંદાળામાં દરોડા પાડી ૨૨ શખ્સોને દબોચી રૂ.૩૦૫૦૦ની મતા કબ્જે કરી હતી.

દરોડાની વિગત અનુસાર જેતપુર સીટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આર.બી. સિંજાત અને ધવલ ગાજીપરા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે જેતપુરના રામજી મંદિર રોડ પર જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા યાકુબ મહમદ લાખાણી, સિરાજ ઈલીયાસ મકવાણા, ખમીશા, હુસેન ચિતલીયા, હનીફ ઈબ્રાહીમ ચિતલીયા, જીતેશ નટુ ભોજવીયા (રહે. તમામ જેતપુર)ને દબોચી રૂ.૧૦૧૫૦ની રોકડ કબ્જે કરી હતી.

બીજા દરોડામાં વિંછીયાના ગુંદાળા ગામની સીમમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા કાળુ પોલા કટેશી, ગોરધન રવજી રોજાસરા, દિનેશ સવા જોગરાજીયા, હકા સવશી કુમારખાણીયા, વિપુલ લીંબા કટેશીયા, બુધા રવજી રોજાસરા, મનહર ભીખા કટેશીયા, બુધા જાદવ મકવાણા, ભરત જાદવ કટેશીયા, નથુ રવજી કટેશીયા (રહે. તમામ ગુંદાળા) અને રમેશ તુલસી બાભણીયા (રહ. કમળાપુર, જસદણ)ને દબોચી રૂ.૧૦૧૩૦ની રોકડ કબ્જે કરી હતી.

ત્રીજા દરોડામાં સરપદળ બસ સ્ટેન્ડ પાસે જુના દેવીપુજક વાસ હનુમાનજી દાદા મંદિર પાસે જાહેરમાં પતાટીંચતા અજય રમેશ મકવાણા, જીગ્નેશ હંસરાજ ડાભી, પ્રકાશ વિનોદ ડાભી, સાગર રાઘવ ડાભી, દિપક બધા ડાભી, મહેશ બિજલ ડાભી (રહે. તમામ સરપદળ)ને પડધરી પોલીસે પકડી રૂ.૧૦૧૫૦ની રોકડ કબ્જે કરી હતી.

જેતપુરના ૨૨૧ બુથ લેવલ ઓફિસર તથા ૨૦ સુપરવાઈઝરની તાલીમ યોજાઈ

જેતપુર, તા.૨૦ : ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ ના અનુસંધાને હાઉસ ટુ હાઉસ વેરીફિકેશન કાર્યક્રમ રાજકોટ જિલ્લા ચુંટણી અધિકારી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ શરૂ થનાર છે. જે અન્વયે મતદારયાદીની હાઉસ ટુ હાઉસ વેરીફિકેશનની કામગીરી સચોટ, ચોક્કસ અને પરિણામલક્ષી થાય તે હેતુસર જેતપુર તાલુકાના તમામ બૂથ લેવલ ઓફિસર્સઓ અને સુપરવાઈઝર્સઓ માટે ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ ૭૪ - જેતપુર વિધાનસભા મતદાર વિભાગનાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર મામલતદાર ડી.એ.ગીનીયા, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ એ.એસ.ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને જી.કે. એન્ડ સી.કે. બોસમીયા કોલેજ, જેતપુર ખાતે યોજાઈ હતી.આ તકે ડી. એ. ગીનીયા અને એ.એસ.ચૌધરીનાં જણાવ્યાનુસાર, હાઉસ ટુ હાઉસ વેરીફિકેશનમાં બી.એલ.ઓ. તેમના ભાગમાં આવતા વિસ્તારના તમામ ઘરોની મુલાકાત કરી મતદારની વિગતો બરાબર છે કે નહિ? તેની ચકાસણી કરશે. જો વિગતો બરાબર નહિ હોય તો સુધારા વધારા માટેના ફોર્મ જરૂરી આધાર પુરાવા લઈ ભરી આપશે. મુલાકાત દરમિયાન જો કોઈ મતદારનું અવસાન થયેલ હશે કે મતદાર કાયમી સ્થળાંતર થયેલ હશે તો જરૂરી આધાર પુરાવાઓ મેળવી નામ કમી કરવાની કાર્યવાહી પણ સ્થળ પર જ કરી આપશે. ૧૮ વર્ષ પૂર્ણ કરેલા નવા મતદારોના જરૂરી આધાર પુરાવાઓ મેળવી મતદારયાદીમાં નામ દાખલ કરી ભાવિ મતદારોની યાદી બનાવશે તથા તેમના મતદાર યાદીના વિસ્તારમાં જો કોઈ નવી સોસાયટી કે એપાર્ટમેન્ટ બનેલ હશે તો તેની પણ યાદી બનાવશે.

કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજનાં વિદ્યાર્થીનીઓએ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ શાખાની મુલાકાત લીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૦

શ્રીમતિ કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજનાં માસ્ટર ઓફ સોશિયલ વર્ક અને બેચલર ઓફ સોશિયલ વર્કના અભ્યાસક્રમની સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીનીઓને અભ્યાસ ક્રમના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાની જાણકારી મળી રહે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં કરવામાં આવતી વિવિધ કામગીરીથી માહિતીગાર થાય તે હેતુસર સમાજ કાર્ય વિભાગના ફિલ્ડ ઓફિસર ભવદીપભાઈ ત્રિવેદીનાં આયોજનથી તા.૧૫/૦૭નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખાની મુલાકાત લેવામાં આવેલ હતી.

આ તકે રાજકોટ મહાનગર પાલિકાનું વહીવટી માળખું તથા વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી ઉપરાંત પી.એમ.સ્વનિધી યોજનાની જાણકારી પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર દીપ્તિબેન આર. આગરીયા દ્વારા માહિતી પ્રદાન કરવામાં આવેલ હતી. જ્યારે રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા ચાલતી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ ઘટક હેઠળ બનતા સ્વ-સહાય જૂથો, એરિયા લેવલ ફેડરેશન, સીટી લેવલ ફેડરેશનનું ગઠન, કામગીરીની જાણકારી NULM યોજનાના SMID મેનેજર શાંતિલાલ બથવાર દ્વારા આપવામાં આવેલ હતી તેમજ સ્વ-રોજગાર કાર્યક્રમ અંતર્ગત બેંકેબલ યોજના, તાલીમ કાર્યક્રમની જાણકારી SEP મેનેજર નિકુંજભાઈ રાજયગુરૂ દ્વારા આપવામાં આવેલ હતી તદુપરાંત ઘરવિહોણા લોકો માટે કાર્યરત આશ્રયસ્થાનની માહિતી પ્રોજેક્ટ શાખાના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર આર.એ.મુનિયા દ્વારા આપવામાં આવેલ હતી. સાથો સાથ ઘરવિહોણા લોકો વધુને વધુ આશ્રયસ્થાનનો લાભ લઈ શકે તે માટે સોશ્યલ વર્કર તરીકે લોકોને માહિતીગાર કરવા જણાવેલ હતું.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૦

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૯/૦૭નાં રોજ રાણી રેસીડેન્સી, યોગીનગર, યુનિવર્સીટી રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, આ મોકડ્રીલમાં અંદાજે ૩૦ થી ૪૦ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

ચાર મહિના પહેલાં ગુમ થયેલો વાવડીનો રેવન્યુ રેકોર્ડ રિસાઈકલ થઈ ગયો હતો

૪૦ શકમંદોની પૂછપરછ, ૩૦ થી વધુ ભંગારના ડેલા ચેક કર્યા બાદ અંતે તાલુકા પોલીસને સફળતા મળીઃ પ્રકાશ મકવાણા અને મનુ બેરડીયાને દબોચ્યાઃ મોજશોખ માટે પાંચ વખત ઓફિસમાંથી રેકોર્ડની ચોરી કરી છોટાહાથીમાં ભરી ૪૦ ફૂટ રોડ પર આવેલ ભંગારના ડેલામાં વેંચતા હોવાનો ખુલાસો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૦ : રાજકોટ નજીકના વાવડીમાં આવેલી મનપાની વોર્ડ ઓફિસની ઉપર બેસતી ગ્રામ પંચાયતની કચેરીમાં રાખવામાં આવેલ રેવન્યુ રેકર્ડની ચોરી થતાં અનેક પ્રકારની શંકાઓ વ્હેતી થઇ હતી. લાખો-કરોડોના જમીન કૌભાંડો છૂપાવવા ચોરી કરાવાયાની શંકા વ્યક્ત થઇ હતી. ચાર મહિના પહેલા થયેલ ચોરીના બનાવમાં તાલુકા પોલીસને મોટી સફળતા સંપળી હતી. રાજકોટ મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતાં પ્રકાશ સુરેશ મકવાણા (ઉ.વ.૩૬),(રહે. ઠક્કરબાપા નગર, યાજ્ઞિક રોડ સદર) અને મનુ કાના બેરડીયા (ઉ.વ.૪૦),(રહે. નટરાજ નગર મફટીયાપરા, સાધુવાસવાણી રોડ, મુરલીધર ચોક પાસે) ને દબોચી ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો હતો.

વધુમાં પોલીસે જણાવ્યા પ્રમાણે બંને આરોપીઓ વાવડી વોર્ડ ઓફિસમાં - કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર નોકરી કરતા હતા. બંને ગટર સાફ કરવાનું કામ કરતા હતા. એટલું જ નહીં કોઇ ફરિયાદ મળે તો છોટા હાથી લઇને ગટર સાફ કરવા જતા હતા. બાકીનો સમય વાવડીની ઓફિસના નીચેના ભાગે બેસી રહેતા હતા. ઉપરના માળે જ્યાં રેવન્યુ રેકર્ડ રાખવામાં આવતું હતું ત્યાં બંને આરોપીઓ જમવા પણ બેસતા હતા. રવિવારે અને બુધવારે જ્યારે નીચે સેનિટરી ઈન્સ્પેક્ટરની ઓફિસમાં કોઇ હાજર ન હોય અને કોન્ટ્રાક્ટર એક કલાક માટે જમવા ગયો હોય ત્યારે બંને આરોપીઓ કબાટમાંથી રેવન્યુ રેકર્ડ ચોરી તેને પોતાના છોટા હાથીમાં નાખી વાવડી ૪૦ ફૂટના રોડ ઉપર આવેલા પસ્તી ભંગારના ડેલામાં આપી આવતા હતા. આ રીતે બંને આરોપીઓએ પાંચેક વખત રેવન્યુ રેકર્ડની ચોરી કરી હતી. તેમાંથી અંદાજે બેથી અઢી હજાર જેવી રકમ મળી હતી. જે મોજશોખ પાછળ ખર્ચ કરી નાખી હતી, વાવડી વિસ્તારમાં જમીન બાબતેના મોટાપાયે વાંધા ચાલતા હતા. આ સ્થિતિમાં કોઇ મોટા કાવતરાના ભાગરૂપે રેવન્યુ રેકર્ડની ચોરી કરાયાની શંકા જાણકારો વ્યક્ત કરતા હતા. પરંતુ આશ્ચર્યજનક રીતે પોલીસ તપાસમાં સાવ નવી વિગતો જ બહારે આવી છે. ગઇ તા.૧૮ માર્ચના રોજ તાલુકા મામલતદાર કે.કે. કરમટાએ આ ચોરી અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જેમાં તેણે જણાવ્યું હતું કે વાવડી ગામના ઇન્ચાર્જ રેવન્યુ તલાટી મનીષ ગીધવાણીએ વાવડી ગામના ગામ નમૂના નંબર ૬ના હક્કપત્રક મેન્યુઅલ નોંધના સાધનિક કાગળો વાવડીમાં મનપાની વોર્ડ ઓફિસની ઉપર આવેલી ગ્રામ પંચાયતની કચેરીનાં કબાટમાં મૂક્યા હતાં. છેલ્લે તેણે ફરિયાદ કર્યાના સાત મહિના પહેલા આ કાગળો જોયા હતા.ગઇ તા. ૭ માર્ચના રોજ તપાસ કરતાં કાગળો ગુમ મળ્યા હતા. જેથી મામલતદારને આ બાબતનો રિપોર્ટ આપ્યો હતો. જેના આધારે શરૂઆતમાં પોલીસમાં જાણવાજોગ નોંધ કરાવાઇ હતી. ત્યારબાદ ગઇ તા. ૧૯ માર્ચના રોજ પોલીસે વિધિવત ફરિયાદ નોંધી હતી. ફરિયાદ નોંધાયાના બરાબર ચાર માસ બાદ ગુનો તાલુકા પોલીસે ડિટેકટ કરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

મોજ ડેમ ઓવરફ્લો થતાં ૨૭ દરવાજા ૪ ફૂટ ખોલાયા,હેઠવાસના ગામના લોકોને સાવચેત રહેવા સૂચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા. ૨૦

નાયબ કાર્યપાલક ઈજનેર, ગુણવત્તા નિયમન પેટા વિભાગ, રાજકોટ સિંચાઈ વર્તુળ તરફથી મળેલ સૂચના અનુસાર, ઉપલેટા તાલુકાના મોજીરા ગામ પાસે આવેલ સિંચાઈ યોજના નંબર - ૧૫૨ મોજ ડેમ તેની નિર્ધારિત સપાટી ૭૨.૫૪ મી. એ ભરાઈને ઓવરફ્લો થતાં ડેમનાં ૨૭ દરવાજા ૪ ફૂટ ખોલવામાં આવ્યા છે. ડેમમાં હાલ ૩૦૧૫૯ ક્યુસેકના પ્રવાહની આવક સામે ૩૦૧૫૯ ક્યુસેક પ્રવાહ છોડવામાં આવી રહ્યો હોવાથી ડેમની હેઠવાસમાં આવેલા ઉપલેટા તાલુકાના મોજીરા, ગઢાવા, કેરાળા, ખાખીજાળિયા, નવાપર, સેવંત્રા, ઉપલેટા અને વાડલા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ, મામલતદારની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ જિલ્લાનાં દસ ડેમોમાં છેલ્લા ૨૪ કલાકમાં થયેલ નવા નીરની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૦

રાજકોટ જિલ્લાના દસ ડેમોમાં ૨૪ કલાકમાં નવા નીરની આવક થઇ છે. જેમાં આજી -૩ ડેમમાં ૩.૧૨ ફૂટ, ડોંડી ડેમમાં ૩.૯૪ ફૂટ, છાપરવાડી -૧ ડેમમાં ૧.૬૪ ફૂટ, છાપરવાડી -૨ ડેમમાં ૦.૯૮ ફૂટ, કરમાળ ડેમમાં ૦.૩૩ ફૂટ, ભાદર-૨ ડેમમાં ૦.૪૯ ફૂટ, ભાદર ડેમમાં ૦.૫૯ ફૂટ, ન્યારી-૧ ડેમમાં ૦.૧૬ ફૂટ, માલગઢ ડેમમાં ૦.૩૩ ફૂટ,ઘેલા સોમનાથ ડેમમાં ૦.૧૦ ફૂટ, સહિતના ડેમોમાં નવા પાણીની આવક થઇ છે.

આ સાથે રાજકોટ જિલ્લાના જળાશયના કેચમેન્ટ વિસ્તારમાં નોંધાયેલ સોડવદર ડેમમાં ૧૪૦ મી.મી., મોજ ડેમમાં ૧૩૫ મી.મી., સુરવો ડેમમાં ૧૧૩ મી.મી., ફોફળ ડેમમાં ૮૧ મી.મી., ડોંડી ડેમમાં ૮૦ મી.મી., વેણુ- ૨ ડેમમાં ૮૫ મી.મી., ભાદર-૨ ડેમમાં ૭૦ મી.મી., આજી-૩ ડેમમાં ૫૫ મી.મી., મોતીસર ડેમમાં ૫૦ મી.મી., ન્યારી-૨ અને ખોડાપીપર ડેમમાં ૪૫ મી.મી., ન્યારી-૧ ડેમમાં ૨૮ મી.મી., છાપરવાડી-૧ ડેમમાં ૨૦ મી.મી., છાપરવાડી-૨ ડેમમાં ૧૪ મી.મી., ગોંડલી, વેરી, ઈશ્વરીયા, કરમાળ, ઘેલાસોમનાથ , માલગઢ ડેમમાં ૧૦ મી.મી., ભાદર ડેમમાં ૯ મી.મી, આજી-૨ ડેમમાં ૭ મી.મી. વરસાદ થયો છે. તેમ રાજકોટ સિંચાઈ પુર વર્તુળ એકમની યાદીમાં જણાવાયું છે.

આજી-૩ ડેમ ૯૦% ભરાઈ જતા હેઠવાસના ગ્રામજનોને સાવચેત રહેવા સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા. ૨૦

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસેનો આજી-૩ ડેમ વરસાદને કારણે સવારે ૦૬-૩૬ કલાકની સ્થિતિએ ૯૦ ટકા ભરાઈ જવામાં હોવાથી પાણીની આવક વધતા ગમે ત્યારે ડેમના દરવાજા ખોલવામાં આવે તેવી શક્યતા છે. આથી, ડેમની હેઠવાસમાં આવતા પડધરી તાલુકાના ખજુરડી, થોરીયાળી, મોટા ખીજડીયા સહિતના ગામોના લોકોએ નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર નહીં કરવા તેમજ સાવચેત રહેવા મામલતદાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

ગોડાઉન-ટેન્ક ભાડે આપવાના છે

કસ્તુરબાધામ (ત્રંબા)ગામ ખાતે આ સંઘની ફેકટરી પર તમામ વેપારને અનુકુળ ૪૦૦૦થી ૯૦૦૦ સ્કે.ફુટના અલગ અલગ કેપેસીટીના કુલ ૯ ગોડાઉનો અને ૬૦૦ ટન અને ૧૧૦૦ ટન કેપેસીટીની કુલ ૨૯ ઓઈલ સ્ટોરેજ ટેન્કો ભાડે આપવાની છે. એવરી કંપનીનો ઈલેકટ્રોનીક વેબ્રીજ અને અધતન ખાધતેલ ટેસ્ટીંગ લેબોરેટરી છે. તો રસ ધરાવતા એગ્રો કોમોડીટી કે અન્ય ધંધાર્થીઓ ઓફર આપી શકે છે. વિગત માટે નીચે જણાવેલ સરનામે રૂબરૂ અથવા ટેલીફોનથી સંપર્ક પણ સાધી શકે છે.

શ્રી રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમીટેડ

''સહકાર'',ગોંડલ રોડ,નક્ષત્ર-૬ સામે,બોમ્બે પેટ્રોલ પંપ પાસે,રાજકોટ-૩૬૦૦૦૨
ફોન(ઓ): ૦૨૮૧-૨૨૨૮૪૧૪-૨૨૨૮૧૭૫(યુનીટ)૨૭૮૫૨૨૮

તંત્રી સ્થાનેથી...

Editorial

ભારત વિશ્વમાં સૌથી ઓછી કિંમતે ઉપગ્રહ અવકાશમાં મોકલી આપી શકે તેમ છે

ભારતીય ખગોળ વિજ્ઞાનીઓએ અત્યાર સુધીમાં અવકાશ સંશોધન બાબતમાં દેશના સંદેશ વ્યવહાર તંત્રને શક્તિશાળી બનાવતા અનેક પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે. ઈસરોએ ઓછામાં ઓછા ખર્ચમાં અવકાશમાં ઉપગ્રહ મોકલવાની ટેક્નોલોજી વિકસિત કરી છે અને તેનો ઉપયોગ વ્યવસાયિક સ્તર પર કરવાની શરૂઆત કરી છે. અગાઉ જાન્યુઆરી ૨૦૧૮માં ઈસરોએ ઉતરાયણ પહેલા લોન્ચ કરેલા ૩૧ ઉપગ્રહોમાંથી ૨૮ ઉપગ્રહ પરદેશી હતા. સામાન્ય રીતે અવકાશી પ્રોજેક્ટ અત્યંત મોંઘા અને લાંબાગાળાના હોય છે. ભારતના અવકાશી પ્રોજેક્ટ લાંબા ગાળાના હોય, પરંતુ મોંઘા નથી હોતા. ઉપગ્રહ બનાવવા એ મોટો પડકાર છે, એ રીતે બનાવ્યા પછી તેને લોન્ચ કરવો એ પણ મોટો પડકાર છે. ભારત અત્યારે એ બન્ને પડકાર સફળતાપૂર્વક પાર કરી ચૂક્યું છે. જગતના કુલ ૯ દેશો પાસે જ લોન્ચિંગની સુવિધા છે. પરિણામે એ સિવાયના દેશોએ લોન્ચિંગ માટે ભારત પાસે આવવુ પડે છે. અમેરિકા-ફ્રાન્સ પાસે પોતાની લોન્ચિંગ ફેસિલિટી હોવા છતાં એ ભારતની જ સસ્તી અને વધુ સલામત સેવાનો લાભ લેવાનું પસંદ કરે છે.એક વાતની નોંધ લેવી જોઈએ કે ભારતનો ઉપગ્રહ કાર્યક્રમ સંપૂર્ણપણે બિનલશ્કરી અને ઘર આંગણે વિકસાયેલો છે. રશિયા અને અમેરિકા જેવા દેશોએ પહેલાં લશ્કરી ઉપયોગ માટેનાં મિસાઈલો અને રોકેટો બનાવ્યા પછી તેનો બિનલશ્કરી ઉપયોગ કર્યો હતો. એનો અર્થ એ થયો કે ઉપગ્રહની ટેક્નોલોજી વિકસાવ્યાના દાયકાઓ પહેલાં જ તેમણે સંપૂર્ણ રોકેટ ટેક્નોલોજી વિકસાવી લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનોએ રોકેટ ક્ષેત્રે જે પ્રગતિ કરી હતી તે અમેરિકા અને અન્ય દેશોને બહુ લાભકારક સાબિત થઈ હતી. જાપાન અને ઈઝરાયેલ જેવા અન્ય દેશો અમેરિકાની ડિઝાઈન પ્રમાણે રોકેટ બનાવે છે. આ રીતે જોઈએ તો આપણા વૈજ્ઞાનિકોનો માર્ગ વધુ મુશ્કેલ હતો. તેમણે તો એકડે એકથી બધું જ ઘરઆંગણે વિકસાવવાનું હતું તેથી આપણી સિદ્ધિ વધુ વખાણવાલાયક છે. આગામી દાયકાઓમાં પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ સંદેશવ્યવહાર માટેના ઉપગ્રહો ગોઠવવાની મહત્ત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય યોજનાના સંદર્ભમાં સસ્તા અને વિશ્વાસપાત્ર રોકેટની જરૂરિયાત રહેશે. ભારત ઓછા ખર્ચે ઉપગ્રહો છોડી આપી શકે છે. એટલે આ આંતરરાષ્ટ્રીય બજારમાં તે નિશ્ચિતપણે સ્થાન જમાવી શકશે. ઈસરોએ બનાવેલાં રોકેટો ખૂબ જ સસ્તાં છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો ભારતીય રોકેટ જે કામ ૧૦૦૦ રૂપિયામાં કરી આપે તે કામ માટે ચીન અમેરિકા કે રશિયા ૫૦૦૦થી ૬૫૦૦ રૂપિયા ખર્ચે છે. ભારત વિશ્વમાં સૌથી ઓછી કિંમતે ઉપગ્રહ અવકાશમાં મોકલી આપી શકે તેમ છે. હવે જીએસએલવી રોકેટની સફળ ઉડાણ પછી તો ભારતે સેટેલાઈટમાં પોતાનું સ્થાન સ્પષ્ટપણે જમાવી લીધું છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે ત્રણ વર્ષ પૂર્ણ કરનાર

સી.આર.પાટીલને શુભેચ્છા આપતા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

સામાન્ય કાર્યકર્તા તરીકે પોતાની કારકીર્દી શરૂ કરનાર અને વિવિધ સંગઠનલક્ષી કામગીરીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂકેલા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે આજે તા.૨૦/૭/૨૩ના રોજ પોતાના કાર્યકાળના ૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે તમામ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી અને હવે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ' ના મંત્ર સાથે ભારતવર્ષને તમામ મોરચે અગ્રેસર બનાવી આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સતત કાર્યશીલ છે, અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજયના સર્વાંગિ વિકાસ દ્વારા આ વિકાસયાત્રાને આગળ વધારી રહ્યા છે. ત્યારે ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના પોતાના બહોળા રાજનૈતિક અનુભવથી ગુજરાત ભાજપનું સંગઠન મજબુત બન્યું છે. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીના નેતૃત્વમાં છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં વિવિધ સ્થળોએ યોજાયેલ પેટાચૂંટણી અને સ્થાનીક સ્વરાજની ચૂંટણી, મહાનગરપાલિકાની ચૂંટણી તેમજ છેલ્લે વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો જવલંત વિજય થયો છે. ત્યારે સી.આર. પાટીલજી દ્વારા પેજપ્રમુખ અને પેજસમિતિ કામગીરીને ચોમેર બીરદાવવામાં આવી છે. ત્યારે વધુમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો .માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવેલ કે ભાજપા જ એક એવી રાજનૈતિક પાર્ટી છે જેમાં સામાન્ય કાર્યકર્તાને પણ પોતાની ક્ષમતા અનુસાર જવાબદારી મળે છે. ત્યારે સી.આર. પાટીલજી સંપુર્ણ સમર્પણ અને પ્રમાણિકતાથી ગુજરાત ભાજપના સંગઠનને દેશનું સર્વશ્રેષ્ઠ સંગઠન બનાવવા માટે પ્રયત્નશીલ રહ્યા છે. ત્યારે સી.આર.પાટીલજીના નેતૃત્વમાં ગુજરાત ભાજપનું સંગઠન વધુ મજબુત બન્યુ છે, ત્યારે વિચારધારાને સમર્પિત અને પક્ષ માટે પરીશ્રમી એવા સી.આર.પાટીલજીને પ્રદેશ અધ્યક્ષપદે ૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શુભેચ્છાસહ અભિનંદન પાઠવેલ હતા.

ખાનગી બસોને શહેરમાં પ્રવેશવા બપોરે ૨ થી ૫ મુક્તિ આપતા શહેર પોલીસ કમિશનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ શહેરમાં વધતી જતી ટ્રાફિકન સમસ્યાના પગલે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જાહેરનામુ બહાર પાડી શહેરમાં પ્રવેશ કરતી ખાનગી બસો પર પ્રતિબંધ મુક્યો હતો જેના પગલે ખાનગી બસ એસોસીએશન દ્વારા વિરોધ કરવામાં આવતા અને શહેર પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવતા કમિશનર દ્વારા માધાપર ચોકડીથી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ખાનગી બસો પ્રવેશવા પર પ્રતિબંધ મુક્વામાં આવ્યો હતો જેમાં બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી મુક્તિ આપવામાં આવી છે.

આ જાહેરનામામાં સ્કુલ કોલેજોની બસોને ૨૪ કલાક મુક્તિ આપવામાં આવી છે. ઉલ્લેખનિય બાબત એ છે કે રાજકોટ શહેરની ટ્રાફિક સમસ્યા દિન પ્રતિદિન વધી રહી છે.

તેમાં પણ છેલ્લા કેટલાંક દિવસમાં અનેક અકસ્માતના બનાવો સામે આવતાં શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે ખાનગી બસોને શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ લદાવ્યો હતો. જેમાંથી હાલ આંશિક મુક્તિ આપવામાં આવી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200
Rs.
+5%GST
ફિક્સ સાઈઝથી વધુ સાઈઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

સંગઠનના સર્વે ગુણોને આત્મસાત કરનાર પ્રદેશ ભાજપ પ્રમુખ

સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે ૩ વર્ષ પૂર્ણ : શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

વિધાનસભા ૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ તા.૨૦-૭ ના રોજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલને પ્રદેશ અધ્યક્ષ તરીકે ૩ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે શુભેચ્છા પાઠવતા જણાવેલ કે સી.આર. પાટીલના બહોળા રાજનૈતિક અનુભવનો લાભ ગુજરાત ભાજપા સંગઠનને મળી રહ્યો છે. સતત ત્રણ ટર્મથી સાંસદ તરીકે ચૂંટાતા પાટીલએ તેમના પરોપકારી અભિગમ અને પ્રજાજનોની મુશ્કેલીમાં સતત પ્રજાની વચ્ચે રહીને લોકસેવામાં કાર્યરત રહેવાના વલણને કારણે અપાર લોકચાહના પ્રામ કરી છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ સી.આર. પાટીલએ સમગ્ર ગુજરાતના ખુણે ખુણે પ્રવાસ કરીને પાર્ટીના સંગઠનને સુદઢ બનાવેલ છે. તેમજ ચૂંટણી પહેલા વન ડે વન ડીસ્ટ્રીકટ, પેઈજસમિતિ, બુથસમિતિ, જેવા કાર્યક્રમો થકી પાર્ટીની ભવ્ય જીતનો પાંયો નાખવામાં મહત્વની ભુમિકા ભજવી છે જેના પરિણામસ્વરૂપ રાજયમાં વિધાનસભા તેમજ સ્થાનીક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપને ઐતિહાસિક જીત મળી છે. આમ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ બન્યા બાદ સી.આર. પાટીલએ પાર્ટીને એક નવી ઉંચાઈએ પહોંચાડવાનું કામ કર્યુ છે.

સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે ત્રણ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે વિધાનસભા-૬૮ (રાજકોટ પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડએ શુભેચ્છા પાઠવેલ હતી.

મનપા વેરાબીલમાં ૧૮ ટકા કમરતોડ વ્યાજ વધારો પરત ખેંચવા આમ આદમી પાર્ટીની રજુઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરાબીલ ભરવામાં સમય મર્યાદાથી મોડુ થાય તો ૧૮ ટકા લેખે વ્યાજ વસુલ કરવામાં આવે છે તેમજ નોટીશ ફીના .૫ ટકા પણ ઉઘરાવવામાં આવી રહયા છે જેને લઈ આજે રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકા કમિશનરને આવેનપત્ર આપી જણાવ્યુ હતું કે, મોંઘવારી બેરોજગારી અને અસુરક્ષીત વાતારણમાં શહેરીજનોને જીવન ટકાવી રાખવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે વેરાબીલનું વ્યાજ પ્રજાને દાઝયા પર ડામ આપવા બરાબર છે. આમ આદમી પાર્ટીએ એવી માંગણી કરી હતી કે વેરાબીલ ન ભર્યાની તારીખથી બે વર્ષ સુધી પ્રજા પાસેથી કોઈપણ પ્રકારનો વ્યાજ વસુલવામાં ન આવે અને ત્યાર બાદ છ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવે જો આ અંગે નિર્ણય નહીં લેવાય તો આપ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે જન આંદોલન કરવાની સાથે કોર્ટ કાર્યવાહી કરવાની ફરજ પડશેરાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરાબીલ ભરવામાં સમય મર્યાદાથી મોડુ થાય તો ૧૮ ટકા લેખે વ્યાજ વસુલ કરવામાં આવે છે તેમજ નોટીશ ફીના ૫ ટકા પણ ઉઘરાવવામાં આવી રહયા છે જેને લઈ આજે રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકા કમિશનરને આવેનપત્ર આપી જણાવ્યુ હતું કે, મોંઘવારી બેરોજગારી અને અસુરક્ષીત વાતારણમાં શહેરીજનોને જીવન ટકાવી રાખવુ મુશ્કેલ બન્યુ છે ત્યારે વેરાબીલનું વ્યાજ પ્રજાને દાઝયા પર ડામ આપવા બરાબર છે. આમ આદમી પાર્ટીએએવી માંગણી કરી હતી કે વેરાબીલ ન ભર્યાની તારીખથી બે વર્ષ સુધી પ્રજા પાસેથી કોઈપણ પ્રકારનો વ્યાજ વસુલવામાં આવે અને ત્યાર બાદ છ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવે જો આ અંગે નિર્ણય નહીં લેવાય તો આપ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે જન આંદોલન કરવાની સાથે કોર્ટ કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેમ જણાવ્યું છે.

સી.આર. પાટીલને પ્રદેશ ભાજપ અધ્યક્ષપદે ૩ વર્ષ ૧ પૂર્ણ થતાં

શુભેચ્છા પાઠવતા સાંસદ મોહનભાઈ કુંડારીયા અને રામભાઈ મોકરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

વિવિધ સંગઠનલક્ષી કામગીરીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂકેલા સી.આર. પાટીલને ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે આજે તા.૨૦-૭ ના રોજ પોતાના કાર્યકાળના ૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે શુભેચ્છા પાઠવતા રાજકોટ લોકસભાના સાંસદ મોહનભાઈ કુંડારીયા અને રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલજીના પોતાના બહોળા રાજકીય અનુભવથી ગુજરાત ભાજપનું સંગઠન મજબુત બન્યુ છે અને પાર્ટીનો વ્યાપ વધ્યો છે ત્યારે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીના નેતૃત્વમાં છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં વિવિધ સ્થળોએ યોજાયેલ પેટાચૂંટણી અને સ્થાનીક સ્વરાજની ચૂંટણી, મહાનગરપાલિકાની ચૂંટણી, ગત વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક ૧૫૬ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો જવલંત વિજય થયો છે. ત્યારે સી.આર. પાટીલ દ્વારા સમગ્ર રાજયમાં પાર્ટી દ્વારા પેજપ્રમુખ અને પેજસમિતિ કામગીરીને ચોમેર બીરદાવવામાં આવી છે.

સી.આર. પાટીલજીના નેતૃત્વમાં ગુજરાત ભાજપનું સંગઠન વધુ મજબુત બન્યુ છે અને આગામી લોકસભાની ચૂંટણીમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં રાજયમાં ભારતીય જનતા પાર્ટી રાજયની તમામ બેઠકો પર જંગી લીડથી વિજયવાવટો ફરકાવે અને ગુજરાતના ખુણે ખુણે કેસરીયો છવાઈ જાય તેવી શુભકામના પાઠવતા સાંસદ મોહનભાઈ કુંડારીયા અને રામભાઈ મોકરીયાએ જણાવેલ હતું.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારીમાં ૨૦.૪૭ કરોડના વિકાસ કામોને મંજૂરી

મુખ્યત્વે બાંધકામ અને સિંચાઈના કામોને ત્વરીત કરવા તાકીદ: રૂદ્ર એજન્સીને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

આજે રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમીતીની બેઠક ચેરમેન સહદેવસિંહ જાડેજાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં ૨૦.૪૭ કરોડના નવા વિકાસ કામોને મંજુરી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે બાંધકામના કામોનો સમાવેશ થાય છે. આજે મળેલી બેઠકમાં અન્ય વિકાસ કામો પર તકેદારી રાખવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં બાંધકામને મુખ્ય કામો સાથે સિંચાઈ શાખાના કેટલાક કામોને પણ મંજૂરી અપાઈ હતી. જુદા જુદા ૨૮ મુદા પર આજે ચર્ચા કરાઈ હતી અને કુલ ૨૦.૪૭ કરોડના વિકાસ કામોને મંજૂરી અપાઈ હતી. વધુમાં વિંછીયા અને ધોરાજીમાં સરકારી ગેસ્ટહાઉસના સમારકામ પાછળ માર્ગ મકાન વિભાગ દ્વારા કુલ ૨૬.૮૮ લાખનો ખર્ચનો અંદાજ કારોબારી સમક્ષ મુકવામાં આવ્યો હતો પરંતુ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજાએ ૨૫ લાખના કામોને જ મંજૂરી આપી માર્ગ મકાન વિભાગને તાકીદ કરી હતી કે સમગ્ર કામ રૂા.૨૫ લાખના બજેટમાં જ પૂર્ણ કરવામાં આવે. વધુમાં કામમાં ડાંડાઈ કરતી રૂદ્રા એજન્સીને ત્રણ વર્ષ માટે કારોબારી સમીતીએ રદબાતલ કરી હતી તેમજ તેની ૧૦ ટકા ડીપોઝીટ પણ જપ્ત કરી હતી. આજે મળેલી કારોબારીની બેઠકમાં વિકાસ અધિકારી દેવ ચૌધરી, ડેપ્યુટી ડીડીઓ સહિત કારોબારી સમિતીના સદસ્યો તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે મળેલી કારોબારીની સમિતીની બેઠકમાં રાજકોટ જિલ્લામાં બાંધકામ સહિતના અન્ય કામો માટે ટેન્ડર કરતા નીચા ભાવ આવતા કારોબારી સમિતિના ચેરમેન સહદેવસિંહ જાડેજાએ અધિકારીઓને તાકીદ કરી હતી કે, નીચા ભાવ આવતા જે તે એજન્સી કામમાં બેદરકારી દાખવી હલકી ગુણવત્તાવાળો માલ ન વાપરે તે જોવાની જવાબદારી જિલ્લા પંચાયતના જે તે શાખા અધિકારીની રહેશે. વધુમાં તેઓએ એ પણ તાકીદ કરી હતી કે, તમામ કામો નીયત મર્યાદા સમયમાં પૂર્ણ થવા જોઈએ તે જોવાની જવાબદારી પણ જે તે શાખા અધિકારીની રહેશે.

શાળાના પડતર પ્રશ્નો ન ઉકલોય તો...

વિદ્યાર્થીઓના હિતમાં શાળા બંધ સહિતનું ઉગ્ર આંદોલન છેડાશે

રાજકોટ શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ-રાજકોટ દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, અમારા નીચેના પડતર પ્રશ્નો અંગે સંદર્ભિત પત્રોથી અમોએ લેખિત અને રૂબરૂ વારંવાર રજૂઆતો કરેલ છે. આ રજૂઆતો મંત્રી શિક્ષણ અને સચિવ શિક્ષણ સહિત સંબંધીતોને કરવા છતાં કોઈ વ્યાજબી નિર્ણયો થયા નથી, માત્ર આશ્વાસનો આપવામાં આવે છે. આ સ્થિતિમાં શિક્ષકો વગર મફત શિક્ષણ આપતી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ શિક્ષકોના અભાવે બંધ થવા જઈ રહી છે. અને હાલ ગરીબ અને છેવાડાના ગામડાના ગરીબ બાળકો અભ્યાસથી વંચિત રહે તેવી સ્થિતિ પ્રથમ વાર ઊભી થયેલ છે. આ સ્થિતિમાં ગુજરાતનું શિક્ષણ ઊંડી ખાઈ તરફ જઈ રહ્યું છે, જેને બહાર કાઢવામાં વર્ષો લાગી શકે છે. આ સંજોગોએ આ પત્રથી અમો આખરી અને અંતિમ રજૂઆત કરીએ છીએ. કોઈ યોગ્ય ઉકેલ સમયસર નહીં આવે તો રાજ્યના શિક્ષણ અને વિદ્યાર્થીના હિતમાં ઉગ્ર આંદોલન કરવાની અને જરૂર પડયે શાળાઓ બંધ સહિતના આકરા નિર્ણયો કરવાની અમોને ફરજ પડશે.

શાળાઓ શરૂ થઈ તેને ૪૪ દિવસ થયેલ છે, પ્રવાસી શિક્ષક ભરવાની મંજૂરી આપવામાં આવતી નથી અને નિયમિત શિક્ષકની સરકાર ભરતી કરતી નથી, અમુક શાળાઓ એકપણ કર્મચારી વગર ચાલે છે, તો કોઈ શાળામાં માત્ર પટ્ટાવાળા કે કલાર્ક છે. ક્યાંક એકલ દોકલ માત્ર શિક્ષક છે. આ સંજોગોએ કઈ રીતે શાળા ચાલે?

જૂના મહેકમ મુજબ સુધારો કરી બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવા અંગે. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલ, પ્રાયોગિકશિક્ષકો, ઉદ્યોગશિક્ષકો વિગેરે કર્મચારીઓની ભરતી કરવા અંગે.

૨ વર્ગોવાળી શાળાઓમાં આચાર્ય સહિત ૦૪ શૈક્ષણિક કર્મચારીઓ મળે છે, તે ચોથી જગ્યાની ભરતી કરવી. ધોરણ-૯ થી ૧૨માં શાળામાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૨૫ વધુમાં વધુ ૪૨ શહેરી વિસ્તાર માટે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં વધુમાં વધુ ૪૨ અને ઓછામાં ઓછી ૧૮ રાખવી., શાળાઓના નિભાવણી ખર્ચ માટે પ્રવર્તમાન અનુદાનની રકમ પર્યાપ્ત ન હોય, ત્યારે શાળાને મળવાપાત્ર અનુદાનની રકમમાં વ્યાજબી વધારો કરવો જરૂરી છે, અને પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ રદ કરવી, હાલ મળતા અનુદાનમાં ઈલેક્ટ્રીક બિલ પણ ભરપાઈ થતું નથી. અમુક શાળાઓને અનુદાન મળતું જ નથી તો શાળા કઈ રીતે ચલાવવી?

ગ્રાન્ટેડ શાળાઓમાં કોમ્પ્યુટર ફી બે દશકાથી માસિક રૂ.૫૦ જ છે, જેમાંજરૂરી વધારો કરવા અંગે.

કાયમી શિક્ષકની ભરતી ન થાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકની ભરતીની સંચાલક મંડળને સત્વરે છૂટ આપવી.

સરકાર દ્વારા ઉકેલવામાં આવેલ નીચેના પ્રશ્નોના ઠરાવ તાત્કાલિક બહાર પાડવા. તારીખ ૧-૪-૨૦૦૫ પહેલા નિમણૂક પામેલ શિક્ષક કર્મચારીઓને જુની પેન્શન યોજના લાગુ પાડતો પરિપત્ર કરવો.

અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ રદ કરી વર્ગ આધારિત ગ્રાન્ટમાં સુધારો કરી પરિપત્ર કરવો.

બિન શૈક્ષણિક સંવર્ગની જગ્યાઓ તારીખ ૧૬-૦૮-૨૦૧૭ના ઠરાવથી રદ કરેલ છે તે પુનજીવિત કરી આ ઠરાવ તારીખથી આજદિન સુધી ખાલી પડેલ જગ્યા ઉપર બિન શૈક્ષણિક વર્ગ- ૩ (કલાર્ક) તથા વર્ગ- ૪ (પટ્ટાવાળા)ઓની ખાલી જગ્યાઓ ઉપર મહેકમની જોગવાઈ મુજબ પ્રમોશન આપવા તથા ખાતાકીય પરીક્ષા પહેલાના પાત્રતા ધરાવતા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુકિત આપવી.

વર્ધિત પેન્શન યોજના ધારક કર્મચારીઓના અવસાન કે નિવૃત્તી સમયે ૩૦૦ રજા રોકડના રૂપાંતર આપવા બાબતે થયેલ પરિપત્રની સ્પષ્ટતા કરી અમલ કરવો.

અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક કર્મચારીઓની ભરતી કરવી.

બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાલી પડેલ જગ્યા ઉપર કલાર્ક સેવકની ભરતી કરેલ નથી તે જગ્યાઓમાં ખાતાકીય પરીક્ષા લેવાય તે પહેલાના બઢતી મેળવવાપાત્ર વર્ગ- ૩ (કલાર્ક) વર્ગ- ૪ (પટ્ટાવાળા) કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુકિત આપી બઢતી આપવી.

જુના શિક્ષકની ભરતી કરવી અને આપે સ્વીકાર્યા મુજબ કોર્ટમાંથી એલ.પી.એ. પરત ખેંચવી.

સાતમાં પગાર પંચના તફાવતનો પાંચમો હપ્તો તાકીદે આપવો.

એફ.આર.સી. દ્વારા નિયત કરવામાં આવેલ ફીના સ્લેબમાં કોઈ ફેરફાર છેલ્લા છ વર્ષથી કરવામાં આવેલ નથી તાજેતરમાં રક્ષા શકિત સ્કૂલની ફીનો રેશિયો નક્કી કરવામાં આવેલ તે મુજબ પ્રાથમિકમાં રૂપિયા ૨૨૦૦૦ માધ્યમિકમાં રૂપિયા ૩૩૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂપિયા ૪૦૦૦૦ લઘુતમ ફી નક્કી કરવામાં આવે અને દર વર્ષે ૭ ટકાનો વધારો કરવાની મંજૂરી આપવી.

અમારા ઉપરોકત પ્રશ્નોનો ઉકેલ આવ્યા છતાં આજદિન સુધી ઠરાવ કે પરિપત્ર થયેલ ન હોવાથી શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા નીચે મુજબના કાર્યક્રમો આપવાનું સર્વ સંમતિથી ઠરાવેલ છે.

૨૦-૭ ને ગુરૂવારથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય સિવાયની તમામ અન્ય કામગીરી જેવી કે યુ ડાયસ પ્લસ, આધાર ડાયસ, શિષ્યવૃત્તિ જાતિ પ્રમાણપત્ર, એકમ કસોટીની ઓનલાઈન એન્ટ્રી, કલા ઉત્સવ, યુવા ઉત્સવ જેવા તમામ ઉત્સવો વગેરે કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે.

૨૪-૭ ને સોમવારના રોજ તમામ કર્મચારી કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે સંચાલકઓની ઉપસ્થિતિમાં પ્રથમ બે વાલી સંમેલન યોજી વાલીઓને શાળામાં કર્મચારીઓની ઘટ અને શિક્ષકોને આપવામાં આવતી શિક્ષણ સિવાયની કામગીરીને લીધે બાળકોના શિક્ષણ ઉપર પડતી વિપરીત અસરોથી વાકેફ કરશે.

તારીખ ૨૯-૭ ને શનિવારના રોજ તમામ ઘટક સંઘોના હોદ્દેદારો ભેગા મળી પોતાના વિસ્તારના સંસદ સભ્ય તથા ધારાસભ્યઓને આવેદનપત્ર આપવામાં આવશે. તેમ જણાવ્યું છે.

ભાવનગર રોડ ઉપર ૫ કરોડના ખર્ચે નવનિર્મિત

સેટેલાઈટ એસ.ટી. બસ સ્ટેશનનું તાત્કાલિક લોકાર્પણ કરવા માંગ

લોક વિચાર સંસદ મંચના ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનોની રાજકોટ જીલ્લા કલેકટરને રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

લોક સંસદ વિચાર મંચના મોભી અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, ઈન્દુભા રાઓલ, પ્રવીણભાઈ લાખાણી, હબીબભાઈ કટારીયા, સરલાબેન પાટડીયા, પ્રફુલાબેન ચૌહાણ ની એક સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર સમાન શહેર છે રાજકોટ શહેર મેગાની હરણફાળ તરફ આગળ ધપી રહ્યું છે. દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે.

રાજકોટમાં છેલ્લા ચારેક માસથી ભાવનગર રોડ પરના કે જ્યાં પહેલા સીટી ડેપો હતો તે સ્થળે સેટેલાઈટ એસ.ટી. બસ સ્ટેશન નવનિર્મિત પાચેક કરોડના ખર્ચે તૈયાર થયું છે અને એ સેટેલાઈટ બસ સ્ટેશન લોકાર્પણના વાંકે છેલ્લા ચારેક માસથી ધુળ ખાય છે.

અને લોકાર્પણ થાય એ પહેલા નવા સ્ટાફ રૂમમાં વરસાદનું પાણી પડે છે એવું જાણવા મળેલ છે. અગાઉ મંત્રીનો સમય મળતો ન હોવાને કારણે લોકાર્પણમાં વિલંબ થયો હતો.

ત્યારબાદ ગૃહ મંત્રી હર્ષ સંઘવીનો જ્યારે સમય મળેલ તો રાતો રાત વોર્ડ ૧૫માં કોર્પોરેટરોની ખાલી પડેલી બે બેઠક માટે ચૂંટણીની આચારસંહિતા લાગુ પડી જતા અને આ આદર્શ આચારસંહિતાને પગલે લોકાર્પણનો કાર્યક્રમ ફરજિયાત મોકુફ રાખવો પડ્યો હતો.

હાલ ગઈકાલે તત્કાલીન સમયના કોંગી કોર્પોરેટરની હાઈકોર્ટમાં પોતાને થયેલા અન્યાય સબબની સુનાવણીને પગલે આ મહાનગર પાલિકાની બે ચૂંટણીમાં હાઈકોર્ટે સ્ટે આપતા હાલ ચૂંટણી મોકુફ રાખવામાં આવી છે જે પગલે આચારસંહિતા પણ હટી ગયેલ છે. તો તાત્કાલિક વિના વિલંબે આ પાંચેક કરોડનું બનાવેલ બસ સ્ટેશનનું લોકાર્પણ થવું જોઈએ.

તારીખ ૨૨-૭ ના રાજ્યના મુખ્યમંત્રી રાજકોટમાં કુલ ૨૪૧.૬૫ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્તમાં જેવા ૧૨૯ કરોડના કેકેવી બ્રિજ, ૨૦.૭૫ કરોડના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપલા કાંઠે લાઈબ્રેરી સહિતના શહેરમાં જુદા જુદા વોર્ડમાં અંદાજે એકાદ ડઝન સ્થળે લોકાર્પણ અને ખાતમુહૂર્ત અને વિકાસ કામો માટે આવી રહ્યા છે.

તેમાં આ સેટેલાઈટ એસટી બસ સ્ટેશનના લોકાર્પણનો કાર્યક્રમ રાખી દેવા લોક સંસદ વિચાર મંચની માંગ છે. અન્યથા શાસક પક્ષના સ્થાનિક નેતાઓના હસ્તે લોકાર્પણ કરવું જરૂરી છે. કારણ કે મુસાફરો ચારેક માસથી આ લોકાર્પણના વિલંબ ને પગલે તૈયાર થયેલા પ્રોજેક્ટનો લાભ લઈ શકતા નથી.

તો..ટ્રાફિકની સમસ્યા હલ થઈ શકે તેમ છે : ગજેન્દ્રસિંહ ઝાલા

રાજકોટ શહેરમાં હાલ ઢેબર રોડ પર એસ.ટી બસો માટે એક માત્ર બસપોર્ટ બસ સ્ટેશન હોવાથી અને આ બસ સ્ટેન્ડ પર હાલ ૨૨ પ્લેટફોર્મ હોવા છતાં રોજિંદી ૧૫૦૦ થી વધુ બસની અવરજવર થતી હોય અને તે બસ સ્ટેશન પણ કોમર્શિયલ ધોરણે કરી નાંખતા બસને અંદર જતા તેમજ બહાર જતા અંધાધુંધી અને ભારે અફડાતફડી નો માહોલ જોવા મળે છે અંદર તેમજ બહાર રોજિંદી ટ્રાફિકની સમસ્યા ઉદભવી છે ત્યારે સેટેલાઈટ બસ સ્ટેશનનું લોકાર્પણ થાય તો ટ્રાફિક સમસ્યા હલ થઈ શકે તેમ છે. લોક સંસદ વિચાર મંચના ગજેન્દ્રસિંહ ઝાલા આ અંગે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના રાજકોટ ડિવિઝનના વિભાગીય નિયામક જે. બી. કલોતરાને આચાર સંહિતા હટી જતા વિના વિલંબે, તાત્કાલિક અસરથી સ્થાનિક નેતાઓ સાથે સંકલન કરીને લોકાર્પણ કરવા અપીલ કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી.કો-ઓડીનેર કમરૂભાઈ ભાયાણીનો આજે જન્મદિવસ

રાજકોટ: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. કો.ઓડીનેર કમરૂભાઈ ઘેલાભાઈ ભાયાણીનો આજે જન્મદિવસ છે. આજે તેઓ ૫૩ વર્ષ પુરા કરી ૫૪ વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.હાલ તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેશ ઓ.બી.સી. કો-ઓડીનેર ફરજ બજાવે છે. તેઓની જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જગદીશભાઈ ઠાકોર, શકિતસિંહ ગોહેલ, અમીતભાઈ ચાવડા, રાજકોટ શહેરના પ્રદિપભાઈ ત્રિવેદી, જસવંતસિંહ ભટ્ટી, મહેશ રાજપુત, અશોક ડાંગર કોંગ્રેસ પરીવાર શુભેચ્છા પાઠવે છે. તેઓનો મોબાઈલ નંબર ૯૭૨૬૦૨૫૫૫૮ છે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સંચાલિત શ્વાન આશ્રમમાં

૫૦૦ બીમાર શ્વાનોને આશ્રય અપાશે

હાલમાં ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે : બીમાર શ્વાનોને આશ્રમમાં પહોચાડવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦: શ્વાનો અકસ્માતમાં ઘવાઈને,બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિ:સહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સદભાવના શ્વાન આશ્રમની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા, ફેકચરવાળા, અંધ, અપંગ શ્વાનોને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર,સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબક્કે ૫૦૦ શ્વાનોને આશરો અપાશે.

હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ, ખંઢેરિ સ્ટેડિયમની સામે. ગાર્ડી કોલેજની બાજુમાં, રાજકોટ (૭૪૮૫૯ ૨૨૨૨૪)નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

દૂધના ખરીદ ભાવમાં કાલથી પ્રતિ કિલો ફેટે રૂ.૧૦ વધારાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે.

પશુ આહારના ભાવ અને ચોમાસાની સીઝનને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાના ઉદેશથી સંઘના નિયામક મંડળે પ્રતિ કીલો ફેટે રૂ.૧૦ નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૮૧૦ કરવા નિર્ણય કરાયો છે. અત્યારે દૂધ મંડળીઓને રૂ. ૮૦૦ ભાવ ચૂકવાઈ રહ્યો છે. ગયા વર્ષે આ સમય ગાળા દરમિયાન પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૭૪૦ હતો.

રાજકોટ દૂધ સંઘના નિયામક મંડળનો નિર્ણય : કાલથી દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટે રૂ. ૮૧૦ ચુકવાશે

જેની સરખામણીએ આ જાહેરાતથી દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટના રૂ. ૭૦ વધુ મળશે.

દૂધ સંઘ દ્વારા આવતીકાલ તા. ૨૧થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂ. ૮૧૦ ચુકવાશે. અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. ૮૦૫ ચૂકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલા ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે તેવું દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયાએ જણાવ્યું હતું.

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ દ્વારા શનિવારે પ્રતિભા સન્માન-દિવ્યાંગ છાત્રોને સ્કોલરશીપ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

સિસ્ટર નિવેદિતા સ્કુલના પ્રાથમિક, માધમિક અને ઉચ્ચતર માધમિક વિભાગના વાર્ષિક પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણાંક અને શ્રેષ્ઠ ગ્રેડિંગ પ્રાપ્ત કરનાર પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને સન્માનવાનો તથા સમગ્ર રાજકોટમાં ધો.૧૦માં વધુમાવધુ ગુણ પ્રાપ્ત કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીને સ્કોલરશીપ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૨ જુલાઈને શનિવારના રોજ, ઈન્સ્ટી.ઓફ કવોલીટી એજ્યુકેશન, ૯-જલારામ પ્લોટ્સ-૨, મહર્ષિ ટાવર સામે, યુનીવર્સીટી રોડ, રાજકોટ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે આર્થિક રોકાણના સલાહકાર નીરવભાઈ મણિયાર તેમજ જાણીતા આંખના સર્જન ડો. કેતનભાઈ બાવીસી ખાસ હાજર રહેશે તવું સિસ્ટર નિવેદિતા પરિવારના ગુલાબભાઈ જાની અને ઉષાબેન જાનીએ જણાવ્યું હતું.

હંસાબેન ડાંગરને ભજનો દ્વારા શ્રધ્ધાંજલી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

શ્રી પુનિત સદગુરૂ ભજન મંડળના માધ્યમથી સ્વ.હંસાબેન ડાંગરને ૭મી વાર્ષિક તિથી નિમિતે સંતપુનિતના ભજનો દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરવાના પુનિત કાર્યક્રમમાં જયશેભાઇ નથવાણી, સંજયભાઇ, પારસભાઇ, મહેન્દ્રભાઇ માંડલીયા, જયોતીબેન સુંદરલાલ પાંઉ (સુંદરઆર્ટ વાળા), કાંતીભાઇ પાડલીયા, અરવિંદભાઇ જેઠવા (ભજનીક), ભરતભાઇ ગોંડલીયા, ભીખુભાઇ કારેલીયા(ચામુંડા ઉપાસક), જયપ્રકાશબુધ્ધદેવ, કાંતીભાઇ ચુડાસમા, સુભાષભાઇ રાજાણી (બ્રોકર), વિપુલભાઇ તથા બાબુભાઇ મુલીયા (પેંડાવાળા) મથુરભાઇ નથવાણી, ભકિતદાનભાઇ ગઢવી (લોકગાયક દેશ-વિદેશ), જેન્તીભાઇ માંડલીયા, દિપકભાઇ તથા કિશોરભાઇ અનડકટ, મનીષભાઇ તથા અરવિંદભાઇ ગીતાબેન રાઠોડ પરિવાર, હંશાબેન ગોસ્વામી, સોમનાથ મહિલામંડળ, રમેશભાઇ (બરોડાબેન્ક) અને ગુણવંતભાઇ ઠકકરનો સહયોગ પ્રાપ્ત થયેલ. તેમ જણાવ્યું છે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા

રવિવારે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા મંડળ ભરવાનું આયોજન કરાયું

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા જીજ્ઞેશભાઈ વાગડીયા, ભાવિનભાઈ વાગડીયા, વિજયભાઈ પાટડીયા, સંદિપભાઈ તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર હળવદીયા-પાટડિયા વાગડીયા-પાટડિયા જાંબુડીયા-પાટડિયા મેથાણીયા-પાટડિયા પરિવાર દ્વારા આયોજીત શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા મંડળ ભરવાનુનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૩-૭-૨૦૨૩ને રવિવારે સાંજે પથી ૮ વાગ્યા દરમિયાન વિરાણી હાઈસ્કૂલની સામે નાગર બોર્ડિંગ ગ્રાઉન્ડ ફ્લોરમાં યોજાનાર શ્રી સત્યનારાયણ ભગવાનની કથામાં શાસ્ત્રી અમિતભાઈ જાની બિરાજીને કથાનું રસપાન કરાવશે. કથામાં અગિયાર દંપતીઓ દ્વારા પુજા અર્ચના કરવામાં આવશે. આ તકે ગોસ્વામી શ્રી રૂચીરરાયજી મહોદય ચરણાટ હવેલી રાજકોટ વાળા પધારશે.

શ્રી સત્યનારાયણ ભગવાનની કથામાં બેસનાર વિજયભાઈ પ્રફુલભાઈ પાટડિયા, નમ્રતાબેન વિજયભાઈ પાટડિયા, જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા, શ્વેતાબેન જીજ્ઞેશભાઈ વાગડીયા, કલ્પેશભાઈ હસુભાઈ પાટડીયા, રીટાબેન કલ્પેશભાઈ પાટડિયા, પરેશભાઈ ઝેવરચંદભાઈ પાટડીયા, ભાવિકાબેન પરેશભાઈ પાટડીયા, જીજ્ઞેશ પ્રદીપભાઈ પાટડીયા, દિપીકાબેન જીજ્ઞેશભાઈ પાટડિયા, કમલેશભાઈ ગીરધરલાલ પાટડીયા, કાજલબેન કમલેશભાઈ પાટડિયા, સંદિપભાઈ ભરતભાઈ જડીયા, રચના બેન સંદિપભાઈ જડીયા, હિતેશભાઈ મનસુખભાઈ પાટડિયા, ભાવનાબેન હિતેશભાઈ પાટડિયા, દંપતી દ્વારા પુજા અર્ચના કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજકોટના પાટડીયા પરિવારના પ્રભુદાસભાઈ જયંતિલાલ જડીયા, અરવિંદભાઈ શામજીભાઈ પાટડીયા, કનુભાઈ છગનલાલ પાટડીયા, નલીનભાઈ જયંતિલાલ પાટડિયા, મહેન્દ્રભાઇ પાટડીયા, મનિષભાઇ પાટડિયા, મનિષભાઇ પાટડીયા બિલ્ડર્સ, મનોજભાઈ નીલુભાઈ પાટડીયા, કિરીટભાઇ વાગડીયા, તરૂણભાઈ કનૈયાલાલ પાટડિયા, કુમારભાઈ જમનાદાસ વાગડીયા, હસુભાઈ પાટડિયા, દામોદરદાસ રમણીકલાલ વાગડીયા, ભરતભાઈ વાગડીયા, જીતુભાઈ હરિલાલ પાટડિયા, દિલીપભાઈ પાટડીયા, તેમજ અમદાવાદના નવનીતભાઈ પાટડીયા ચેરિટી ઓફિસર, જયેશભાઈ પાટડિયા હિરેનભાઈ પાટડીયા, હસુભાઈ પાટડિયા, દિનેશભાઇ પાટડિયા, દિનકરભાઈ પાટડિયા, ડો મંથનભાઈ પાટડિયા, કાંતિલાલ બાબુલાલ વાગડીયા મોરબી, વાંકાનેરના જયંતિભાઈ પાટડિયા, જગદીશભાઈ કનુભાઈ પાટડીયા, જયંતિભાઈ વાલજીભાઈ પાટડિયા, જગદીશભાઈ વાગડીયા, ચેતનભાઈ રસિકલાલ આર. પાટડીયા, જશુભાઇ જમનાદાસ પાટડિયા, વડોદરાના આનંદભાઈ પાટડીયા, પ્રકાશભાઈ ભગવાનજી વાગડીયા, ગોંડલના અશોકભાઈ હિરાલાલ જડીયા મુકેશભાઈ પાટડિયા, જીતેનભાઈ જડીયા, મુકુંદભાઈ પ્રભુદાસ જડીયા, ધર્મેશભાઈ ભગવાનજીભાઈ પાટડીયા પુના હર્ષદભાઈ શાંતિલાલ પાટડિયા હળવદ મિતેશભાઈ કિશોરભાઈ પાટડિયા હળવદ પરિવાના લોકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સફળ બનાવવા માટે જીજ્ઞેશ વાગડીયા, કલ્પેશભાઈ પાટડિયા, ભાવિનભાઈ વાગડીયા, વિજયભાઈ પાટડિયા, પરેશભાઈ પાટડિયા, નીલેશભાઈ જડીયા, મનિષભાઇ પાટડીયા, સંદિપભાઈ જડીયા, મોહિત પાટડિયા, હસ્મિતા બેન પાટડીયા રીટાબેન પાટડિયા નમ્રતાબેન પાટડિયા ભાવિકાબેન પાટડિયા દ્વારા જહેમત ઉઠાવી રહ્યા હોવાનું સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર રાજકોટના જીજ્ઞેશ વાગડીયાએ જણાવ્યું હતું.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ દ્વારા એસ.એફ.એસ. બ્લડ ગ્રુપીંગ અભિયાન અંતર્ગત

બેડીપરા ઝોનની શાળાઓના વિદ્યાર્થીઓનું બ્લડ ગ્રુપીંગ અને હિમોગ્લોબીન ટેસ્ટ કરાયા

બેડીપરા ઝોનની પંચશીલ, મુરલીધર અને ભૂષણ સ્કૂલના કુલ ૪૩૧ વિદ્યાર્થીઓનું બ્લડગ્રુપીંગ અને વિદ્યાર્થીનીઓનો હિમોગ્લોબીન ટેસ્ટ કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વાર્ષિક સાધારણ સભાની બેઠકમાં જુદા-જુદા અનેક પ્રકલ્પોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેરમાં ભાવિ રક્તદાતાઓને તૈયાર કરવા માટે એસ.એફ.એસ. બ્લડ ગ્રુપીંગ અભિયાન અંતર્ગત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની તમામ શાળાઓના ધોરણ ૧૧ અને ૧૨ ના દરેક વિદ્યાર્થીઓના બ્લડ ગ્રુપીંગના અભિયાનની પણ શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરુપે તાજેતરમાં બેડીપરા ઝોનની પંચશીલ, મુરલીધર અને ભૂષણ સ્કૂલના કુલ ૪૩૧ વિદ્યાર્થીઓનું બ્લડગ્રુપીંગ અને વિદ્યાર્થીનીઓનો હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સાથે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટ કેન્સર સોસાયટી અને કુંડારીયા કેન્સર પ્રિવેન્શન જેવી સંસ્થાઓ પણ જોડાઈ હતી. જેમાં પંચશીલ સ્કૂલના ૬૨ વિદ્યાર્થીઓ, મુરલીધર સ્કૂલના ૭૫ વિદ્યાર્થીઓ અને ભૂષણ સ્કૂલના ૨૯૪ મળીને કુલ ૪૩૧ વિદ્યાર્થીઓનું બ્લડ ગ્રુપીંગ કરવામાં આવ્યું હતું. આ સાથે સૌરાષ્ટ્ર કિડની રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ બી.ટી.સવાણી કિડની હોસ્પિટલના સહયોગથી વિદ્યાર્થીનીઓના હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી અને ઉમર પ્રમાણે રક્તકણોમાં હીમોગ્લોબિનનું પ્રમાણ ઓછું હોવાના કારણે થતા એનીમિયાના રોગથી બચવાના ઉપાયોની જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા વિદ્યાર્થીનીઓને સર્વિકલ કેન્સરના રસીકરણથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ એસ.એફ.એસ. બ્લડ ગ્રુપીંગ અભિયાનના સફળ અયોજન માટે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટ જીલ્લાના પ્રમુખ ડી.વી. મહેતાની આગેવાનીમાં મહામંત્રી પરીમલભાઇ પરડવા, મહામંત્રી પુષ્કરભાઇ રાવલ, ઉપપ્રમુખ અવધેશભાઇ કાનગડ, ઉપપ્રમુખ ડો.ડી.કે. વડોદરીયા, ઉપપ્રમુખ સુદિપભાઇ મહેતા અને બેડીપરા ઝોનના ઉપપ્રમુખ રામભાઇ ગરૈયા માર્ગદર્શનમાં ઝોનના સભ્યો, શાળા સંચાલકો અને શિક્ષકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

ઉપલેટાના હરિયાસણ ગામે ખનીજ ચોરી પર ઉપલેટા મામલતદારે ઘોષ બોલાવી : ૩૦ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ

(આશિષ લાલકિયા દ્વારા)
ઉપલેટા, તા.૨૦: ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામે નદી કાઠે ગેરકાયદેસર ખનીજની ચોરી થતી હોવાની બાબત સામે આવતા ઉપલેટા મામલતદાર તેમજ મામલતદાર કચેરી સ્ટાફ દ્વારા ખનીજ ચોરી પર ઘોષ બોલાવી અને ચાર ટ્રેક્ટર તેમજ એક જેસીબી સહિત ૩૦,૪૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. મુદામાલને મામલતદાર દ્વારા સીઝ કરીને ભાયાવદર પોલીસ હવાલે કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે ઉપલેટા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મહેશ ધનવાણીએ જણાવ્યું હતું કે, તેઓને અહિયાં છેલ્લા ઘણા દિવસથી ગેરકાયદેસર ખનીજ ચોરીની કામગીરી થતી હોય તેવી માહિતીઓ મળી હતી. જે બાબતે આ જગ્યા પર રેડ કરતાં ચાર ટ્રેક્ટર ટ્રોલી સાથે અને એક જેસીબી મળી આવ્યું હતું આ તમામ ઝડપાયેલ વાહનોની સામે ધોરણસરની કાર્યવાહી કરીને મુદ્દામાલને સીઝ કરવામાં આવ્યો અને સીઝ કરેલ તમામ વાહનોને ભાયાવાદર પોલીસ હવાલે કરવામાં આવ્યો છે.

ઔદીચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ–રાજકોટ ટ્રસ્ટની

૬ ઓગસ્ટે ચૂંટણી-સાધારણ સભા યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦: ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ રાજકોટની કારોબારીની ચૂંટણી ૨૦૨૩ જાહેર કરેલ છે. આ ચૂંટણી ૨૦૨૩ થી ૨૦૨૬ ના ટર્મ માટેની છે. જેમાં ટ્રસ્ટના તા.૨-૭ સુધીમાં નોંધાયેલ આજીવન સભ્યો ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થઇ શકશે. જ્ઞાતિની સાધારણસભા તથા ચૂંટણી પ્રક્રિયા શ્રી હળવદ બ્રાહ્મણ બોર્ડિંગ, એસ્ટ્રોન ચોક, ડો.નિતીન ટોળીયા હોસ્પિટલ સામે, રાજકોટ ખાતે તા.૬-૮ રવિવાર, બપોરે ૨:૩૦ થી ૫ કલાકે યોજવામાં આવેલ છે.

ઔદિચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ રાજકોટની આગામી સાધારણસભા અને ચૂંટણી કાર્યક્રમની માહિતી ટ્રસ્ટના પ્રમુખ પ્રફુલભાઇ જોષી (૯૮૨૪૨ ૪૧૫૩૨) તથા ટ્રસ્ટના મહામંત્રી હરેશભાઇ ઠાકરની સયુંક્ત અખબારી યાદી જણાવે છે.

હાઉસ ટુ હાઉસ વેરીફિકેશન કાર્યક્રમ અન્વયે

જેતપુરનાં ૨૨૧ બુથ લેવલ ઓફિસર તથા ૨૦ જેટલા સુપરવાઈઝરની તાલીમ યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ના અનુસંધાને હાઉસ ટુ હાઉસ વેરીફિકેશન કાર્યક્રમ રાજકોટ જિલ્લા ચુંટણી અધિકારી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ શરૂ થનાર છે. જે અન્વયે મતદારયાદીની હાઉસ ટુ હાઉસ વેરીફિકેશનની કામગીરી સચોટ, ચોક્કસ અને પરિણામલક્ષી થાય તે હેતુસર જેતપુર તાલુકાના તમામ બૂથ લેવલ ઓફિસર્સઓ અને સુપરવાઈઝર્સઓ માટે ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ ૭૪ - જેતપુર વિધાનસભા મતદાર વિભાગનાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર મામલતદાર ડી.એ. ગીનીયા, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ એ.એસ.ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને જી.કે. એન્ડ સી.કે. બોસમીયા કોલેજ, જેતપુર ખાતે યોજાઈ હતી.

આ તકે ડી. એ. ગીનીયા અને એ.એસ.ચૌધરીનાં જણાવ્યાનુસાર, હાઉસ ટુ હાઉસ વેરીફિકેશનમાં બી.એલ.ઓ. તેમના ભાગમાં આવતા વિસ્તારના તમામ ઘરોની મુલાકાત કરી મતદારની વિગતો બરાબર છે કે નહિ? તેની ચકાસણી કરશે. જો વિગતો બરાબર નહિ હોય તો સુધારા વધારા

મતદારયાદીમાં સુધારા વધારા માટે તા.૨૧–૭ થી તા.૨૧–૮ સુધી ચાલશે વેરીફિકેશન કાર્યક્રમ

માટેના ફોર્મ જરૂરી આધાર પુરાવા લઈ ભરી આપશે. મુલાકાત દરમિયાન જો કોઈ મતદારનું અવસાન થયેલ હશે કે મતદાર કાયમી સ્થળાંતર થયેલ હશે તો જરૂરી આધાર પુરાવાઓ મેળવી નામ કમી કરવાની કાર્યવાહી પણ સ્થળ પર જ કરી આપશે.

૧૮ વર્ષ પૂર્ણ કરેલા નવા મતદારોના જરૂરી આધાર પુરાવાઓ મેળવી મતદારયાદીમાં નામ દાખલ કરી ભાવિ મતદારોની યાદી બનાવશે તથા તેમના મતદાર યાદીના વિસ્તારમાં જો કોઈ નવી સોસાયટી કે એપાર્ટમેન્ટ બનેલ હશે તો તેની પણ યાદી બનાવશે.

આ તાલીમમાં જેતપુર વિધાનસભા વિસ્તારનાં ૨૨૧ બુથ લેવલ ઓફિસર તથા ૨૦ જેટલા સુપરવાઈઝરને બી.એલ.ઓ ઈ-રોલ એપ અને બી.એલ.ઓ એપ, જરૂરી ફોર્મ ભરવાની પ્રક્રિયા સહિતની જરૂરી બાબતે ૭૪-જેતપુર વિધાનસભા મતદાર વિભાગનાં મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર મામલતદાર ડી.એ.ગીનીયા, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને જેતપુર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ એ.એસ. ચૌધરી, મતદારયાદીનાં નાયબ મામલતદાર કે.યુ.જાડેજા, ડી.એલ. પાદરીયા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણીપંચ, નવી દિલ્હી તથા મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી તા.૧-૧-૨૦૨૪ની લાયકાત અનુસાર ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા.૨૧-૭ થી તા.૨૧-૮ સુધી હાઉસ ટુ હાઉસ વેરીફિકેશન કાર્યક્રમ શરૂ થનાર છે.

અધ્યક્ષપદે ૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે

ગુજરાત ભાજપના સેનાપતિ સી.આર. પાટીલને શુભેચ્છા પાઠવતા ભૂપતભાઈ બોદર

સ્થાનિક સ્વરાજ વિધાનસભા અને રાજ્યસભાની ચુંટણીમાં ભાજપને મજબુતાઈથી જીત હાંસલ કરવામાં સી.આર પાટીલનો પરીક્ષમ અમુલ્ય : ભુપતભાઈ બોદર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર પાટીલના આજે તા.૨૦-૭ ના રોજ પોતાના કાર્યકાળના ૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવ્યું હતું કે પ્રદેશ અધ્યક્ષ તરીકે સી.આર પાટીલએ પોતાના રાજનૈતિક જીવનના બહોળા અનુભવથી છેલ્લા ત્રણ વર્ષોમાં સંગઠનની સાંકળને વધુ મજબુત બનાવી છે. ૨૦ જુલાઈ ૨૦૨૦ થી તેઓ પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બન્યા બાદ પાર્ટીને એક નવી ઉંચાઈએ પોહચાડવાનું કામ માત્ર એક વર્ષના સમયમાં કર્યું છે. તેમના એક વર્ષના સમયગાળાના મહત્વના નિર્ણયો અને ચૂંટણીઓની વાત કરવામાં આવે તો, ૨૧ જુલાઇ ૨૦૨૦ ના રોજ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય કમલમ ખાતે સત્તાવાર રીતે પદભાર સાંભળ્યા બાદ પાટીલે સંગઠનને મજબૂત કરવા કામગીરી હાથ ધરી હતી. અને શરૂઆતની સાથે જ સંગઠન કાર્યકરોને સાંભળવા પહેલા જ નિર્ણય,

૧૯ ઓગષ્ટના રોજ લીધો જે અંતર્ગત ૨૫ ઓગષ્ટથી સરકારના એક મંત્રી પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે બેસી કાર્યકરોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રારંભ કર્યો હતો. ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે તમામ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ ભાજપની સરકાર મોદીએ કંડારેલી વિકાસને કેડીને આગળ વધારી રહી છે.

પ્રદેશ પ્રમુખ પાટીલએ ગત લોકસભાની ચુંટણીમાં પોતાની સુજબુજ અને મહેનતથી સમગ્ર દેશમાં સૌથી વધુ મતોની લીડથી સાંસદ બન્યા હતા. ત્યારબાદ તેઓને અધ્યક્ષની જવાબદારી મળતા જ સમગ્ર ગુજરાતની જનતાને સરકારી યોજનોનો સરળતાથી લાભ કઇ રીતે મળે તે મિશન માટે અર્થાત પ્રયત્નો તેમના દ્વારા કરવામાં આવ્યા અને કાર્યકરો તથા સરકારને માર્ગદર્શન આપ્યું જેના કારણે આજે રાજ્યના છેવાડાના માનવીને ઘરબેઠા તમામ સરકારી યોજનાનો લાભ મળી રહે છે. આ ઉપરાંત સંગઠનને મજબુત કરવાનું કાર્ય પણ તેઓએ કર્યું તેઓ પેજ સમિતિના પ્રેરક તરીકે આજે સમગ્ર રાજ્યમાં પોતાની અલગ ઓળખ ધરાવે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં યોજાયેલ ગામ તાલુકા અને જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા ૧૫૬ સીટ જીતવાના રેકોર્ડ સાથે વિધાનસભા અને તાજેતરમાં યોજાયેલ રાજ્યસભાની ચુંટણીમાં કમળ ખીલવ્યા છે. પાટીલ અને પેજ સમિતિએ ચુંટણીમાં વિજય માટે જડીબુટ્ટી સમાન કાર્ય કર્યું છે. જેમાં પેજ પ્રમુખ જેવી જવાબદારી આપી લોકોને પક્ષ સાથે જોડવાનું કાર્ય કર્યું છે. પેજસમિતિથી પાર્ટીનો કાર્યકર્તા સીધો મતદાર સાથે જોડાયેલ રહે છે. જેથી મતદાતા દેશની વિકાસયાત્રામાં ભાગીદાર બને છે.સેવાના સારથી બનેલા સી.આર. પાટીલને ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકેની ત્રણ વર્ષની અનેક સફળતાઓ માટે હદયપૂર્વકની શુભેચ્છા પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરએ જણાવ્યું હતું.

વાચકોએ નોંધ લેવી
કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા ૨૦ મો શૈક્ષણિક સાધન સહાય સમારંભ યોજાયો

મુકેશભાઈ દોશી, રમેશભાઈ ટીલારા, કલ્પકભાઈ મણીઆર, નેહલ શુકલ સહિતના મહાનુભાવો રહ્યા હાજર : થેલેસેમીક બાળકોને પણ શૈક્ષણિક કીટ આપવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

તાજેતરમાં જ રાજકોટની અગ્રીમ હરોળની સેવા સંસ્થા ફ્રીડમ યુવા ગ્રુપ-રાજકોટ દ્વારા પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ફૂલ સ્કેપ, સ્કૂલ બેગ, વોટર બોટલ, લંચ બોક્સ, કંપાસ સહિતની સમૃધ્ધ શૈક્ષણિક કીટ અર્પણ કરવા ૨૦ મો શૈક્ષણિક સાધન સહાય સમારંભ રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે યોજાયો હતો. આ શૈક્ષણિક સાધન સહાય સમારંભ નાં અધ્યક્ષ સ્થાને **BAPS** સ્વામીનારાયણ મંદિર રાજકોટ નાં સંત નિર્દેશક પરમ પૂજનીય અપૂર્વમુનિ સ્વામીજી પધારેલ જ્યારે સમારંભ નું દીપ પ્રાગટ્ય દ્વારા ઉદઘાટન રાજકોટ શહેર ભા.જ.પ. નાં નવનિયુક્ત પ્રમુખ મુકેશભાઇ દોશી દ્વારા કરવામાં આવેલ હતું. આ તકે વિધાનસભા ૭૦ નાં ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, રાજકોટ નાગરિક સહકારી બેંક નાં પૂર્વ ચેરમેન તેમજ સહકારી અગ્રણી કલ્પકભાઈ મણિઆર, નેહલભાઈ શુકલ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઇ ધારૈયા, શહેર ભાજપ મહામંત્રી માધવભાઈ દવે, સામાજીક અગ્રણી પંકજભાઈ ચગ, હેમાક્ષીબેન ઘોડાદરા, કિરીટભાઈ પટેલ, વિરલભાઈ પલાણ, ડી.વી. મેહતા, નિરેનભાઈ જાની, કેતનભાઈ પારેખ, નિરજભાઈ મહેતા, સંજયભાઇ મણિયાર, જયશ્રીબેન ચાવડા, હેમલભાઈ મોદી, પ્રનંદભાઈ કલ્યાણી, યશભાઈ રાઠોડ, એચ. એ. નકાણી, રમાબેન હેરભાં, વર્ષાબેન કિરીટભાઈ પાંઘી, સરોજબેન, દેવાંગભાઈ માંકડ, પ્રવીણભાઈ નિમાવત, હિતેશભાઈ ઢોલરીયા, પરિમલભાઈ પરડવા, વિક્રમભાઈ પૂજારા, વિજયભાઇ પાડલીયા, હરેશભાઈ જોશી, મહેશભાઇ રાઠોડ, મયંકભાઈ પાંઉ, અજયભાઈ પરમાર, સહિતના જાહેરજીવન-સમાજજીવનના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ વર્ષે જરૂરિયાતમંદ થેલેસેમિક બાળકોને પણ આ શૈક્ષણિક કીટ આપવામાં આવેલ હતી જેનાં માટે થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન સમિતિના અનુપમભાઈ દોશી અને જયેન્દ્રભાઈ મેહતાની મદદથી થેલેસેમિયાના જરૂરતમંદ વિદ્યાર્થીઓને શોધવામાં મદદ મળી હતી.

ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા આયોજિત વીસમાં શૈક્ષણિક સાધન સહાય સમારોહને સફળ બનાવવા સંસ્થાના સંસ્થાપક ભાગ્યેશ વોરાની રાહબરીમાં ચેરમેન મનોજ ડોડીયા, વા. ચેરમેન સંજય પારેખ, પ્રમુખ પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, ચંદ્રેશ પરમાર, નિમેષ કેસરિયા, અલ્પેશ પલાણ, નિતીન જરીયા, ધવલ પડીઆ, હર્ષદ ચોકસી, રિતેશ ચોકસી, રોહિત સિધ્ધપુરા, મિલન વોરા, અલ્પેશ ગોહેલ, પુનિત બુંદેલા, જીતેશ સંઘાણી, જીજ્ઞેશ આહીર, અભિજીત શિયાર, રાજ ચાવડા, જય દુધૈયા, ધર્મેશ સોની, રાજદીપ શાહ, દિલજીત ચૌહાણ સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

મોરબી રોડ જકાતનાકા પાસે આવેલ કોમ્યુનિટી હોલનું

સંતશ્રી વેલનાથ કોમ્યુનિટી હોલ નામકરણ કરાતા મનપાનો આભાર મનાયો

માનવ સેવા એકતા સમિતિના આગેવાનોએ શાસક પક્ષના તમામ પદાધિકારીઓનો આભાર માન્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે પધારેલા દેવાંગ કુકાવા, મનસુખભાઈ ગોહિલ, જયેશ ઠાકોરએ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજકોટમાં મોરબી રોડ જકાતનાકા પાસે આવેલ **RMC** દ્વારા બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલનું નામ સંતશ્રી વેલનાથ નામ આપવા બદલ રાજકોટ મહાનગર પાલિકાના તમામ શાસકપક્ષના પદાધિકારીઓનો, વોર્ડ નંબર - ૪ના કોર્પોરેટરો આભાર મનાયો છે. આ નામાકરણ માટે માનવ સેવા એકતા સમિતિના માધ્યમથી સરદાર પટેલ સેવાદળ, રાષ્ટ્રીય રાજપુત કરણી સેના, બ્રહ્મસેના, હિંદુ યુવા વાહિની, શિવ સેના રાજકોટ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ, મોરબી રોડ, વેપારી એસોસીએશન તેમજ કોળી જ્ઞાતિમાંથી સમસ્ત ચુંવાળીયા કોળી ઠાકોર મહામંડળ, સમસ્ત તળપદા કોળી પટેલ યુવક મંડળ, ઘેડીયા કોળી સમાજ ટ્રસ્ટ રાજકોટ, અખિલ ભારતીય કોળી સમાજ, ગુજરાત ચુંવાળીયા કોળી સમાજ, ચુવાળીયા કોળી ઠાકોર વિદ્યાર્થી બોર્ડીંગ, જય વેલનાથ યુવામંચ, માં ચામુંડા ગ્રુપ, ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના રાજકોટ.

આ વિવિધ સંસ્થાઓ દ્વારા પોતાના લેટર પેડ પર અરજી પત્રક લખીને ૨૦૧૯ માં રજુઆત કરેલ હતી. તેમજ વોર્ડ નં. ૪ ના ગત ટર્મના પૂર્વ કોર્પોરેટરઓ તથા હાલના વોર્ડ ન ૪ ના ચારેય કોર્પોરેટરએ સહમતી દર્શાવી હતી, એમનો પણ આભાર મનાયો છે.

આ નામકરણ માટે સૌથી વધુ રજુઆત સૌથી વધુ મહેનત દેવાંગભાઈ કુકાવાએ કરેલી છે. અને આ કોમ્યુનિટી હોલના ભૂમિ પૂજન સમયે પ્રથમ અરજી માનવ સેવા એકતા સમિતિએ આપેલ હતી. માનવ સેવા એકતા સમિતિની સાથે મોરબી રોડ જકાતનાકા વિસ્તારના પંચરત્ન સોસાયટી જમનાપાર્ક, વાલ્મીકી સોસાયટી, જલારામ સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી, સુર્યમુખી જુની લાલપરી મફતીયુ, વેલનાથપરા આ વિસ્તારના લતાવાસીઓ માનવ સેવા એકતા સમિતિના નેજા હેઠળ આ નામકરણમાં સહમત થયા હતા.

સંતશ્રી વેલનાથ કોમ્યુનિટી હોલના નામકરણ માટે ઉપર દર્શાવેલ તમામ સંસ્થાઓ એ સમર્થન આપ્યું હતું. વિધાનસભા ૬૮ના ધારસભ્ય ઉદયભાઇ કાનગડ અને રાજકોટ શહેર ભાજપ ટીમ થકી આ નામકરણ થયેલ છે. તેઓનો પણ આભાર માન્યો હોવાનું માનવ એકતા સમિતિના પ્રમુખ દેવાંગ કુકાવાએ જણાવ્યું છે.

ઓલ ઈન્ડિયા ટ્રક ઓપરેટર વેલફેર એસોસિએશનના

હોદેદારોને વડાપ્રધાન મોદી સરકારની ૯ વર્ષની કામગીરીથી વાકેફ કરતા રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થતા તે અંતર્ગત ૯ વર્ષ સેવાના, ૯ વર્ષ સુશાસનના, ૯ વર્ષ ગરીબ કલ્યાણના અભિયાનમા રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની અધ્યક્ષતામાં રાજકોટના કુવાડવા રોડ ખાતે ઓલ ઇન્ડિયા ટ્રક ઓપરેટર વેલફેર એસોસિએશન દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં એસોસિએશનના સભ્યોની શુભેચ્છા મુલાકાત લેવાઈ હતી. ૯ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે કરેલા સેવાકીય અને વિકાસ વૃદ્ધિના કાર્યોથી ઓલ ઇન્ડિયા ટ્રક ઓપરેટર વેલફેર એસોસિએશનના સભ્યોને અવગત કર્યા હતા. આ તકે ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ સહિતના રાજકીય અગ્રણીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ જિલ્લામાં રૂ.૧ કરોડથી વધુના ખર્ચે ૭૦ મોડલ આંગણવાડીઓ બનાવાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે આઇ.સી.ડી.એસ વિભાગ અંતર્ગત આંગણવાડી દ્વારા બાળકના પોષણ અને શિક્ષણ બંનેની દરકાર લેવામાં આવે છે. બાળક અક્ષર જ્ઞાન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આંગણવાડી કેન્દ્રમાં જઈ મેળવે છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણએ બાળકની પાયાની કેળવણી છે ત્યારે બાળકો આંગણવાડીઓમાં જઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવે અને આધુનિક પધ્ધતિની શૈક્ષણિક ઢબ તથા વિવિધ રમતોથી બાળકોનો સર્વાંગી વિકાસ વધુ મજબૂત થાય તે માટે રાજકોટ જિલ્લામાં ૭૦ આંગણવાડીઓને મોડેલ આંગણવાડી બનાવવામાં આવી છે. આ સાથે જ બાળકોના શારીરિક વિકાસ માટે ૪૮ આંગણવાડીઓને રમતગમતના સાધનોથી સજ્જ કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આંગણવાડીમાં અભ્યાસ કરતા ભૂલકાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે જિલ્લા પંચાયત રાજકોટના સ્વ-ભંડોળમાથી રૂ. ૧ કરોડ ૪૪ લાખ ૭૦ હજાર ૯૦૦ ખર્ચે મોડલ આંગણવાડી બનાવી તથા રમતગમતના સાધનો અર્પણ કરાયા છે. મોડલ આંગણવાડી માટે બે તબક્કામાં કામગીરી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયત, રાજકોટ સ્વ-ભંડોળ ગ્રાટ વર્ષ-૨૦૨૨-૨૩માંથી ફેઝ-૧ માં કુલ ૩૫ આંગણવાડીને મોડેલ બનાવવામાં આવેલ હતી. જેમનો એક આંગણવાડીનો ખર્ચ રકમ રૂ.૧,૯૩,૭૧૪ થયો હતો અને કુલ ૩૫ આંગણવાડીની ખર્ચ રકમ રૂ.૬૭,૮૦,૦૦૦ જેટલો થયેલ છે. આ તબક્કામાં આંગણવાડીઓને મેગ્નેટ બોર્ડ વિથ માર્કર, રમકડા, બુક વગેરે જેવી વિવિધ પ્રકારની કુલ ૧૩ વસ્તુઓ આપવામાં આવેલ હતી. ફેઝ-૨માં અન્ય ૩૫ આંગણવાડીઓને મોડેલ બનાવવામાં આવી. જેમનો એક આંગણવાડીનો ખર્ચ રકમ રૂ.૧,૩૪,૩૦૦ અને કુલ ૩૫ આંગણવાડીનો ખર્ચ રકમ રૂ.૪૭,૦૦,૫૦૦ જેટલો થયો હતો. જેમાં ટીવી, પેનડ્રાઈવ, કેલેન્ડર, જેવી વિવિધ પ્રકારની કુલ ૧૩ વસ્તુઓ આંગણવાડીઓને આપવામાં આવેલ છે.

૪૭ આંગણવાડી રમતગમતના સાધનોથી સજ્જ

આઉટડોર રમતો સાથે બાળકોનો શારીરિક વિકાસ થાય તે માટે રાજકોટ જિલ્લાના અલગ અલગ ૪૮ આંગણવાડી કેન્દ્રો પર રમત-ગમતના સાધનો જેવા કે હીંચકા, લપસીયા અને ઉચક-નીચક રૂ.૨૯,૯૦,૪૦૦ના ખર્ચે આપવામાં આવ્યા હતા. આંગણવાડી કેન્દ્રો પર આકર્ષક શૈક્ષણિક ચિત્રો, સ્માર્ટ ટીવી, સ્પેશિયલ બોર્ડ, શૈક્ષણિક રમકડાં, વિવિધ પઝલ, બ્લોક સેટ, બાળકો માટેના ખાસ ૧૨ પ્રકારના પુસ્તકો વગેરે સવલતો આપી બાળકોને મોન્ટેસરી મેથડ, મૂલ્ય શિક્ષણ સાથે વિવિધ વિષયનું જ્ઞાન મળે તેવી તમામ સવલતો મોડેલ આંગણવાડી પર બાળકોને આપવામાં આવી રહી છે.

આ સુવિધાઓને કારણે બાળકો આંગણવાડી કેન્દ્રો પર ઉત્સાહથી આવતા થયા છે અને સંખ્યામાં નોંધપાત્ર વધારો પણ જોવા મળેલ છે તેમજ વાલીઓ પણ બાળકોને નિયમિત આંગણવાડી કેન્દ્ર પર મોકલવા માટે પ્રેરાય છે.

ખાસ લેખ - ડો. દિવ્યા ત્રિવેદી

રાજકોટ જિલ્લાના તરઘડી ગામમાં તમાકુ નિયંત્રણ અંગે કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

પડધરી તાલુકાના તરઘડી ગામે જે. જે. મહેતા હાઇસ્કુલ પ્રાથમિક ખાતે આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત તેમજ તમાકુ નિયંત્રણ સેલના સંયુક્ત ઉપક્રમે શાળાના વિદ્યાર્થીઓ માટે તમાકુ સેવન રોકવા માટે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

સરપદડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર દ્વારા યુવા પેઢીમાં તમાકુનું સેવન વધતા આરોગ્યને નુકસાન પહોંચાડે છે તેના સેવનથી કઈ રીતે બચવું, તેમજ તેનાથી થતા વિવિધ રોગો અને લક્ષણો અંગે જાગૃતિ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવી હતી. આરોગ્ય શાખાના ડોક્ટર તેમજ શાળાના પ્રિન્સિપાલ દ્વારા આ વિષય ઉપર ચર્ચા પણ કરાઈ હતી અને વિદ્યાર્થીઓને માહિતીથી અવગત કરાયા હતા.

આ શૈક્ષણીક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ કે તમાકુ ઉત્પાદનના વેચાણ ઉપર પ્રતિબંધ છે. તેના ભંગ બદલ રૂ.૨૦૦ નો દંડ થઇ શકે છે તે કાયદા વિશે પણ જાગૃતિ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના તમાકુ નિયંત્રણ સેલના અધિકારીઓ, હાઈસ્કૂલના પ્રિન્સિપલ જે. એમ. ભાડજા, શાળાના શિક્ષકો, આરોગ્ય શાખાના તબીબો સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હિન્દી ભવન ખાતે વિદ્યાર્થીઓ માટે સ્વાગત-સમારોહની ઉજવણી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

એમ.એ. (હિન્દી) પ્રથમ સેમેસ્ટરના નવાગત વિદ્યાર્થીઓ માટે દરેક વર્ષે હિન્દી ભવન દ્વારા સ્વાગત-સમારોહનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવા સત્રથી પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ પ્રાપ્ત વિદ્યાર્થીઓનું અદકેરૂ સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભવનના અધ્યક્ષ અને પ્રો. ડો.બી.કે કલાસવાસરના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં પ્રાર્થના, વિદ્યાર્થીઓનું પ્રો. ડો.એન.ટી. ગામીત દ્વારા શાબ્દિક સ્વાગત, સૂતરની આંટીથી સ્વાગત, વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ, ભવનના પ્રોફેસર ડો. એસ. કે. મેહતાનું પ્રાસંગિક ઉદ્બોધન, ડો.બી.કે, કલાસવા દ્વારા અધ્યક્ષીય ઉદબોધનએ ક્રમ રહ્યો. પ્રવેશ પ્રાપ્ત વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા. એમ.એ. (હિન્દી) સેમેસ્ટર-૩ના વિદ્યાર્થી સેલારકા કિશનએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભાર-દર્શન ડો. સરોજબેન બારિઆએ કર્યું હતું. ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, બાબરાના હિન્દી અધ્યાપિકા ડો. નિરૂબેન બોરીસાણિયા પણ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને નવાગત વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન આપ્યું હતું. ભવનના કર્મચારી હેતલબેન બી. ચાવડા, જ્યોત્સનાબેન સિંઘલ, આરતીબેન વાઘેલા વગેરેએ જરૂરી સહયોગ આપ્યો હતો. તેમ જણાવ્યું છે.

રાજકોટ જિલ્લામાં બિપરજોય વાવાઝોડાના ૧૧૦૭૬ અસરગ્રસ્તોને રૂ.૨૫.૧૭ લાખની સહાય ચૂકવાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસતો માટે તંત્ર દ્વારા બચાવ, રાહત અને પુનઃવસનના કામો અસરકારક રીતે થયા હતા. જે માટે પ્રભારી મંત્રી રાઘવજીભાઇ પટેલે જિલ્લાના અધિકારીઓને બિરદાવ્યા હતા. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૧૦૭૬ અસરગ્રસ્ત લાભાર્થીઓને રૂ.૨૫.૧૭ લાખની સહાય ચૂકવાઈ હતી. જયારે એક પશુ મૃત્યુ થતા ૩૦ હજારની સહાય, ૧૩ કાચા મકાનને આંશિક નુકશાનીના રૂ.૧,૩૦,૦૦૦ ચૂકવાયા હતા. બે કાચા મકાનને આંશિક નુકશાનીના રૂ. ત્રીસ હજાર ચૂકવાયા હતા.

પી.જી.વી.સી.એલ. દ્વારા બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત ૧૬૧૪ ફીડરને રીપેર કરી પુનઃ ચાલુ કરાયા હતા. અસરગ્રસ્ત ૨૧૭૨ પોલને રીપેર કરાયા હતા. અસરગ્રસ્ત એચ.ટી. (હાઈ ટેન્શન) લાઈન ૨૮.૩૦ અને એલ.ટી.(લો ટેન્શન) લાઇન ૨૦.૬૫ રીપેર કરાયા હતા તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવાયું છે.

રાજકોટમાં SMCનો વધુ એક દરોડો

ભેળસેળયુક્ત ડીઝલનાં કારોબારનો પર્દાફાશ કરી ૧૨ હજાર લીટરનાં જથ્થા સાથે ૧૧ની અટકાયત, લાખોનો મુદ્દામાલ કબ્જે

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ.તા.૨૦

તાજેતરમાં SMC દ્વારા જુદા-જુદા બે દરોડામાં દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો ત્યારે ફરી એકવાર રાજકોટની ભાગોળે આવેલા નવાગામમાં ગાંધીનગરથી પુરવઠાની ટીમ સાથે રાખી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને ૧૨ હજાર લિટર ભેળસેળયુક્ત ડીઝલનાં જથ્થા સાથે મેનેજર જગદીશ અને ચાર ટ્રક ડ્રાઈવર મળી કુલ ૧૧ જેટલા શખ્સોની અટકાયત કરવામાં આવી હતી તેમજ આ ભેળસેળયુક્ત ડીઝલ ભરાવવા આવેલા ટેન્કર, છોટા હાથી અને ૪ ટ્રક સહિત લાખોનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેરની ભાગોળે આવેલ કુવાડવા રોડ પર ઓડીના શોરૂમ સામે બુધવારે સાંજે છ વાગ્યાની આસપાસ SMC દ્વારા ફરી રાજકોટ પોલીસને અંધારામાં રાખી મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં SMCની ટીમ દ્વારા ૧૨,૦૦૦ લિટર ભેળસેળયુક્ત ડીઝલ ઝડપી પાડવામાં આવ્યું હતું. આ સાથે ભેળસેળ યુક્ત ડીઝલ ભરાવવા આવેલા ટેન્કર, છોટાહાથી, ૪ ટ્રક જપ્ત કરાયા હતા. તેમજ ગેરકાયદેસર ચાલતા પમ્પનાં મેનેજર, ૪ ફિલરમેન અને અહીં ઈંધણ પુરાવવા આવેલા ચાલક સહીતનાં ૧૧ શખ્સોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કે.ટી.કામરીયાના માર્ગદર્શન હેઠળ PSI સી.એન.પરમાર અને તેની ટીમ દ્વારા આ સફળ દરોડો પાડવામાં આવ્યો હતો. હાલ SMC દ્વારા સૂત્રધાર મનહરસિંહ ઉર્ફે મુન્ના જોડેજાની શોધખોળ કરવામાં આવી રહી છે અને આરોપીઓ છેલ્લાં કેટલા સમયથી આ ભેળસેળયુક્ત ડીઝલનો કારોબાર ચલાવતા હતા તે અંગે ઝડપાયેલા આરોપી સહિતનાઓની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. અચાનક SMC દ્વારા પાડવામાં આવેલા આ દરોડાને લઈને ફરી એકવાર સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

શેરબજારમાં રોકાણ કરવાના નામે વેપારી સાથે ૨.૨૦ લાખની ઠગાઇ

ડિજિટલ નિફ્ટી નામની યૂટ્યૂબ ચેનલે છેતર્યા: ચેનલ સંચાલક સામે સાયબર ક્રાઇમમાં ફરિયાદ

રાજકોટ.તા.૨૦

સોશિયલ મીડિયાના માધ્યમથી ગઠિયાઓ લોકોને અવનવી ઓફર કરી છેતરતા હોવાના અગાઉ અનેક કિસ્સા બન્યા છે. રાજકોટના વેપારીને ઓનલાઇન શેરબજારમાં રોકાણના નામે વિશ્વાસમાં લઇ ગઠિયાએ રૂ.૨.૨૦ લાખની છેતરપિંડી આચરી હતી. કાલાવડ રોડ પરના પાવનપાર્કમાં રહેતા અને વેપાર કરતાં સુનિલભાઇ ધીરજલાલ સોલંકી (ઉ.વ.૫૩)એ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ડિજિટલ નિફ્ટી નામની યૂટ્યૂબ ચેનલ ચલાવનાર મનિકાનંદન ક્રિષ્નનનું નામ આપ્યું હતું. સુનિલભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોણા ત્રણ મહિના પૂર્વે પોતે યૂટ્યૂબ વીડિયો જોતા હતા ત્યારે ડિજિટલ નિફ્ટી નામની ચેનલમાં શેરબજારમાં રોકાણ કરી વધુ વળતરનો વીડિયો જોતા તેમણે તેમાં આપેલા વોટ્સએપ નંબર પર સંપર્ક કર્યો હતો અને વાર્તાલાપ બાદ શેરબજારમાં રોકાણ અર્થે છ ચેક મારફત રૂ.૨.૨૦ લાખ સામેની વ્યક્તિના બેંક એકાઉન્ટમાં રકમ જમા કરાવી હતી.

પોણા બે વર્ષ પૂર્વે સુનિલભાઇએ રોકાણ અને વળતર સહિતની રકમની ઉઘરાણી કરતાં મનિકાનંદન ક્રિષ્નને ચેક મોકલું છું તેમ કહી ગલ્લાં તલ્લાં કર્યા હતા અને અંતે ચેક કે રકમ નહીં મોકલતા સુનિલભાઇને પોતાની સાથે છેતરપિંડી થયાનું સ્પષ્ટ થયું હતું. હેડ કોન્સ્ટેબલ દીપકભાઇ પંડિતે ગુનો નોંધતા પીઆઇ કે.જે. રાણાએ તપાસ શરૂ કરી હતી.

રાજકોટની પરિણીતાએ કલોલ સ્થિત સાસરિયાઓ સામે નોંધાવી ફરિયાદ

સગર્ભા અવસ્થામાં પતિએ પેટમાં પાટુ મારતા પરિણીતાને ગર્ભપાત થઇ ગયો

રાજકોટ.તા.૨૦

પતિ, સાસરિયાઓ દ્વારા પરિણીતાને યેનકેન પ્રકારે ત્રાસ આપવાના વધુ એક બનાવની શહેરના ગુણાતિતનગરમાં છેલ્લા અઢી વર્ષથી માવતરે રહેતી હિમાંશી નામની પરિણીતાએ કલોલ રહેતા પતિ મીત, સસરા મહેન્દ્રભાઇ ઉકાભાઇ ભોજૈયા, સાસુ ભાવનાબેન, દિયર ક્રિશભાઇ સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પરિણીતાની ફરિયાદ મુજબ, તેના મીત સાથે તા.૯-૨-૨૦૨૦ના રોજ લગ્ન થયા છે. પતિ મીત મેટોડા જીઆઇડીસીમાં નોકરી કરતા હોવાથી મેટોડા સંયુક્ત પરિવારમાં રહેતા હતા. લગ્નના એક મહિના બાદ જ પતિએ સામાન્ય બાબતે પોતાને માર મારી ઘરમાં તોડફોડ કરી હતી.

જેથી પિતા પોતાને તેડી ગયા હતા. બાદમાં સમાધાન કરતા મેટોડા પરત ગઇ હતી. સાસુને ઓપરેશન કરાવ્યું હોય તેમની દેખરેખ રાખવા પોતે કલોલ જઇ સેવાચાકરી કરતી હતી. બીમાર સાસુ પતિને ચડામણી કરતા તે પોતાની સાથે ઝઘડો કરતા હતા. પોતાને પિયરમાં વાત પણ કરવા દેતા ન હતા અને કહેતા તારો બાપ ભિખારી છે.

અમારા સ્ટેટસ મુજબ કરિયાવર તને કંઇ આપ્યો નથી તેમ કહી માર મારતા હતા. દરમિયાન પોતે સગર્ભા હોવાની પતિ, સાસુને વાત કરતા સાસુની ચડામણીથી પતિએ પોતાની સાથે ઝઘડો કરી પોતાના પેટમાં પાટા માર્યા હતા. જેને કારણે ત્યાં જ ગર્ભપાત થઇ ગયો હતો. એટલું જ નહિ પોતાને સારવાર માટે દવાખાને પણ લઇ ગયા ન હતા. થોડા દિવસ બાદ પતિએ ફરી ઝઘડો કરી મારે તું જોઇતી નથી તેમ કહી પોતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. જેથી પોતે અઢી વર્ષથી પિયરમાં રહે છે. હવે મારે સમાધાન કરવું ન હોય પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

'તું, તારો દીકરો ડેમમાં પડી જાવ' કહી પરિણીતાને કાઢી મૂકી

કોઠારિયા રોડ પર રામેશ્વર ગોલ્ડમાં દોઢ વર્ષથી માવતરે રહેતી પારૂલ નામની પરિણીતાએ જેતપુર રહેતા પતિ દિપેશ ઘનશ્યામભાઇ રાઠોડ, સાસુ રેખાબેન, નણંદ ચેતનાબેન રાજેશભાઇ ટાંક, જ્યોતિબેન કલ્પેશભાઇ ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે. દિપેશ સાથે ૨૦૧૯માં લગ્ન થયા છે. અને સંતાનમાં એક પુત્ર છે. લગ્નના થોડા સમય બાદ જ પતિ સહિતના સાસરિયાઓએ ત્રાસ આપવાનું ચાલુ કરી દીધું હતું. સાસુ કહેતા તે અમારા દીકરાને દબાવીને રાખ્યો છે, તું અમારે જોઇતી નથીના મેણાં મારી પોતાને તેમજ પુત્રને ઘરમાંથી કાઢી મૂકી હતી. પોતે પિયર ગયા બાદ સાસરિયાઓએ શરતો સાથે સમાધાન કરવાની વાત કરી હતી. તેમ છતાં સાસરિયાઓ તેડવા નહિ આવતા ફરિયાદ નોંધાવી છે.

ક્રાઈમ કોર્નર

કોલેજની વિદ્યાર્થિનીએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી

શહેરની ભાગોળે મોરબી રોડ પરની મારવાડી કોલેજની વિદ્યાર્થિનીએ ઝેરી પ્રવાહી પી જીવનનો અંત આણી લીધો હતો. સાથી વિદ્યાર્થિનીએ યુવતીના પિતાને ફોન કરીને ફરિયાદ કરી હતી કે, અંજલિ મજાક કરીને હેરાન કરે છે, જે બાબતે પિતાએ ઠપકો દેતાં યુવતીએ અંતિમ પગલું ભરી લીધું હતું. કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાસેની ખોડલધામ રેસિડેન્સીમાં રહેતી અને મારવાડી કોલેજમાં અભ્યાસ કરતી અંજલિ હરેશભાઇ સાંગાણી (ઉ.વ.૨૨)એ મંગળવારે ઝેરી દવા પી લેતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જેનું બુધવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અંજલિ સાંગાણી મારવાડી કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. અંજલિની સાથે જ અભ્યાસ કરતી એક યુવતીએ અંજલિના પિતાને ફોન કરીને ફરિયાદ કરી હતી કે, અંજલિ મજાક કરીને હેરાન કરે છે. પુત્રીની વિરુદ્ધમાં તેની જ સહાધ્યાયીએ ફરિયાદ કરતાં હરેશભાઇ સાંગાણીએ પુત્રી અંજલિને ઠપકો આપ્યો હતો કે, કોલેજે અભ્યાસ કરવા જાય છે કે મજાક કરવા?, ત્યારબાદ હકીકત જાણવા માટે હરેશભાઇ કોલેજે ગયા હતા અને કોલેજેથી પોતાની પુત્રી અંજલિને સાથે લઇ ગયા હતા. જોકે અંજલિએ ઝેરી પ્રવાહી પીધાની જાણ થતાં તેને તાકીદે ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. વિદ્યાર્થિની અંજલિના ઝેરી દવા પીવા અંગેની ઘટનાને પગલે કુવાડવા પોલીસ હોસ્પિટલે પહોંચી હતી પરંતુ અંજલિ બેભાન હોવાથી તેનું નિવેદન નોંધી શકાયું નહોતું. અંજલિએ કોલેજમાં જ ઝેરી પ્રવાહી પી લીધું હતું તો તે ઝેરી પ્રવાહી કોલેજમાં તેની પાસે ક્યાંથી આવ્યું તે સહિતના મુદ્દાઓ ચર્ચાના વિષય બન્યા હતા અને પોલીસે આ મામલે તપાસ શરૂ કરી

અકસ્માતમાં બાઇકસવાર યુવાન અને પ્રૌઢને ગંભીર ઇજા

શહેરની ભાગોળે ઇકો કારે ડબલસવારી બાઇકને ઠોકરે ચડાવતા બે વ્યકિતને ગંભીર ઇજા સાથે હોસ્પિટલ ખસેડાયા છે. નવાગામ દિવેલિયાપરા-૪માં રહેતા રજનીભાઇ વેલાભાઇ ગઢાદરા નામના યુવાને નોંધાવેલી ફરિયાદ મુજબ, તે ખાનગી પેઢીમાં મેતાજી તરીકે નોકરી કરે છે. દરમિયાન બે દિવસ પહેલાં કંપનીની મિલર ટ્રક ખરાબ થઇ ગઇ હોઇ સ્થળ પર પોતે અને દાદુભાઇ લાભુભાઇ હેરભા સાથે બાઇક પર ગયા હતા. ટ્રક રિપેર થઇ ગયા બાદ પોતે અને દાદુભાઇ પરત બાઇક પર જતા હતા. ત્યારે દિવેલિયાપરા જવાના રસ્તે રવાના થયા હતા. આ સમયે રોડ પર એક ડમ્પર પાર્ક કરેલું હોય અને સામેથી એક ઇકો કાર આવી ગઇ હતી. જેથી ઇકો કારના ચાલકને તેની કાર પાછળ લેવા કહ્યું હતું. બાદમાં પોતે બાઇક લઇને થોડી જગ્યામાંથી નીકળતા ચાલકે તેની કાર ચાલુ કરી બાઇકને ઠોકરે ચડાવ્યું હતું. જેને કારણે પોતે અને દાદુભાઇ બાઇક સાથે ૧૦ ફૂટ સુધી ઢસડાયા હતા. અકસ્માત સર્જી ચાલક કાર મૂકી નાસી ગયો હતો.

હડમતિયા પાસે ટ્રેક્ટર પલટી જતા ચાલકનું નીચે દબાઈ જવાથી મોત

બેડી હડમતિયા ગામની નદીના કાંઠા પાસે ગત મોડી રાતે ટ્રેક્ટર પલટી જતા મૂળ દાહોદના આશિષ કાળુભાઇ પરમાર નામના યુવાનનું મોત નીપજ્યું છે. દાહોદ રહેતા મૃતકના પિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, પાંચ સંતાન પૈકી સૌથી મોટો પુત્ર આશિષ છેલ્લા દસેક વર્ષથી રાજકોટમાં ડ્રાઇવિંગનું કામ કરે છે. તેને સંતાનમાં બે દીકરા છે. પુત્રના અકસ્માતની પોલીસે જાણ કરતા પોતે રાજકોટ દોડી આવ્યા હતા અને બનાવ અંગે પૂછતા આશિષ ઠેબચડા ગામે ખેતરમાં કામ કરવા માટે ટ્રેક્ટર લઇને ગયો હતો. રાત સુધી ખેતરમાં કામ કર્યા બાદ રાતે ટ્રેક્ટર બેડી હડમતિયા પરત દેવા જતો હતો. ત્યારે અગમ્ય કારણોસર ટ્રેક્ટર પલટી ખાઇ જતા આશિષ નીચે દબાઇ ગયો હતો. મોડે સુધી આશિષ પરત નહિ આવતા ટ્રેક્ટર માલિક શોધવા નીકળતા બનાવની ખબર પડી હતી. ગંભીર રીતે ઘવાયેલા આશિષને હોસ્પિટલ પહોંચાડ્યો હતો, પરંતુ વધુ સારવાર મળે તે પહેલા તેને દમ તોડી દીધો હતો.

વરસાદને કારણે મંગેતર સાથે જવાની પિતાએ ના કહેતા યુવતીનો આપઘાત

રાજકોટના બેડી ગામની યુવતીએ ફાંસો ખાઇ જીવનનો અંત આણી લીધો હતો. વરસાદને કારણે મંગેતર સાથે જમવા જવાની પિતાએ ના કહેતા તે બાબતનું માઠું લાગી આવતાં યુવતીએ અંતિમ પગલું ભરી લીધું હતું. કુવાડવા પાસેના બેડી ગામમાં રહેતી સ્વાતિ કેશુભાઇ દાળોન્દ્રા (ઉ.વ.૨૪)એ મંગળવારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લીધો હતો. પરિવારજનો બહારથી આવ્યા ત્યારે વહાલસોયી પુત્રી સ્વાતિનો લટકતો દેહ નજરે પડતાં તેમણે દેકારો મચાવતા પાડોશીઓ દોડી ગયા હતા અને સ્વાતિને નીચે ઉતારી હોસ્પિટલમાં ખસેડી હતી જોકે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બે ભાઇ અને એક બહેનમાં મોટી સ્વાતિની સગાઇ દોઢેક વર્ષ પહેલા માધાપરના યુવક સાથે થઇ હતી અને દિવાળી બાદ લગ્ન થવાના હતા. સ્વાતિને મંગળવારે તેના મંગેતર સાથે બહાર જમવા જવાનું હતું, પરંતુ વરસાદ હોવાને કારણે પિતા કેશુભાઇ દાળોદ્રાએ સ્વાતિને જવાની ના કહી હતી. જે વાતનું માઠું લાગી આવતાં સ્વાતિએ અંતિમ પગલું ભરી લીધું હતું. પુત્રીના આપઘાતથી દાળોન્દ્રા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

૧૪ વર્ષીય બાળાનાં અપહરણની ફરિયાદ

કોઠારીયા સોલવન્ટ વિસ્તારની ૧૪ વર્ષની બાળાનું અપહરણ થયાની ફરિયાદ આજીડેમ પોલીસ મથકે નોંધાતા તપાસ હાથ ધરાઈ છે. પોલીસમાંથી મળેલી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની બાળા ગત રોજ લાપતા થઈ જતાં આસપાસમાં તપાસ કર્યા બાદ પરિવારે સબંધીઓમાં પણ પૂછપરછ કરતા તે મળી આવી ન હતી. જેથી આજીડેમ પોલીસમાં જાણ કરી હતી. બાળાનાં પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આઇપીસી ૩૬૩,૩૬૬ મુજબ અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસે તપાસ કરતાં એક શકમંદ યુવક સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો હોવાની શંકા છે. જેના આધારે યુવકની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પત્ની સાથે ઝઘડો કર્યા બાદ પતિનો આપઘાત

રાજકોટમાં એસટી વર્કશોપ પાછળ રહેતા ૩૬ વર્ષીય મહેન્દ્ર ચના પરમારે ગઈકાલે રાત્રે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા માલવીયાનગર પોલીસ કાફલો દોડી ગયો હતો. પોલીસે પરિવારની પૂછપરછ કરતા મૃતકે ૧૧ વાગ્યે પોતાના ઘરે છતના ઝુમર ટીંગાડવાના હુકમાં દોરી બાંધી પગલું ભરી લીધુ હતું. આ બનાવ વખતે પત્ની સુતા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે જાણ થતાં પત્નીએ સ્થાનિકોની મદદથી પતિને સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જો કે ત્યાં ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતા. મૃતક મહેન્દ્રભાઈ મજુરી કામ કરતા હતા. થોડા દિવસોથી કામ ન મળતુ હોવાથી બેરોજગાર હોવાથી પત્ની સાથે ઝઘડો થયો હતો. આ બાબતે લાગી આવતા પગલું ભરી લીધાનું અનુમાન છે. તેમના મોતથી ૧ પુત્ર અને ૧ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

૨૦૨૫ સુધીમાં ક્ષયમુક્ત રાજ્ય બનાવવા શરૂ થયેલું અભિયાન

ગુજરાતમાં દર વર્ષે ક્ષયરોગના નવા નોંધાતા દોઢ લાખ જેટલા દર્દીઓ !

રૂ.૫૦૦ ચૂકવવાની પોષણ યોજના પાછળ પાંચ વર્ષમાં રૂ.૧૩૩ કરોડ ખર્ચાયા

ગાંધીનગર.તા.૨૦

ગુજરાતને દેશની સાથે ૨૦૨૫ સુધીમાં ટયૂબક્યૂલોસિસ યાને ટીબી રોગથી મુક્ત કરવાનો ટારગેટ નક્કી થયો છે. જો કે છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં કુલ ૮,૬૯,૨૭૬ કેસો નોધાયા છે, જે પૈકી ૨૦૨૨ના કેલેન્ડર વર્ષમાં ૧,૫૨,૦૧૫ કેસો સામે આવ્યા છે. રોગને નેસ્તનાબૂદ કરવા માટે કોરોનાની માફક જે શોધ-સારવાર અને અટકાવવાની વ્યૂહરચના અપનાવાઈ છે, જેમાં ટીબીના દર્દીના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને ટીબી ના થાય એ માટે પ્રિવેન્ટિવ થેરાપી તરીકે છ મહિના સુધી આઇસોનિયાઝીડ ટેબલેટ અપાય છે.ટેબલેટ ઉપરાંત દર મહિને ટીબીના પ્રત્યેક દર્દીને કેન્દ્રીય સરકારની નિક્ષય પોષણ યોજનાના ભાગરૂપે મફત ટેબલેટ ઉપરાંત તેના બેન્ક ખાતામાં દર મહિને રૂ.૫૦૦ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધી કુલ ૫,૧૧,૧૯૭ ટીબી પેશન્ટ્સને રૂ.૧૩૩ કરોડ આ રીતે ચૂકવાયા છે, રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ એવો દાવો કરે છે કે, આ રકમમાં ૪૦ ટકા ખર્ચ રાજ્ય ભોગવે છે.તદુપરાંત જરૂરિયાતવાળા ટીબી દર્દીઓ માટે ૨૦૨૨ના વર્ષથી પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત યોજના હેઠળ દાતાઓ તરફથી મહિને અંદાજે રૂ.૭૦૦ની કિંમતની ન્યૂટ્રિશન ફૂડ કિટ આપવાની યોજના શરૂ થઈ છે, જેમાં અત્યારે ૪,૦૯૭ જેટલા નોંધાયેલા દાતા યાને નિક્ષય મિત્રો દ્વારા ૭૦,૫૦૯ દર્દીઓને દર મહિને ન્યૂટ્રિશન કિટ પૂરી પડાય છે. દાતાઓ શોધી જરૂરિયાતવાળા ગરીબ દર્દીઓને દર મહિને કિટ પૂરી પાડવામાં રાજ્યનો નંબર દેશમાં બીજા ક્રમે હોવાનું જણાવાઈ રહ્યું છે.સૂત્રો એમ પણ કહે છે કે, ટીબી અંગે રાષ્ટ્રીય સરવે મુજબ ગુજરાતમાં પ્રત્યેક એક લાખ વસતિએ ૧૩૭ વ્યક્તિ ટીબીના દર્દીને છે, જે રાષ્ટ્રીય દર ૩૧૨ના પ્રમાણમાં ઘણો નીચો છે, આ દર મહારાષ્ટ્રમાં ૧૯૯, તામિલનાડુમાં ૩૨૨, પશ્ચિમ બંગાળમાં ૧૭૯, કેરળમાં ૧૪૯, તેલંગણામાં ૨૯૬ અને રાજસ્થાનમાં ૪૩૨ હોવાનું જણાવાઈ રહ્યું છે. જો કે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતાં દર્દીઓ નોંધાતા ન થતાં હોવાના કારણે રાજ્યમાં ટીબીના દર્દીઓ ઓછા દર્શાવાય છે.

વાવડીમાં રમકડા ઉત્પાદક પર ત્રાટકતું BIS માર્કા વિનાના ૧૫ લાખના ૨૦,૦૦૦ રમકડા જપ્ત

(અમારા પ્રતિનીધી દ્વારા)

રાજકોટ,તા.૨૦

કેન્દ્ર સરકારનાં નિયમોનો ભંગ કરીને હલ્કી નબળી ગુણવતાના રમકડા પર ફરી એક વખત બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડીડ ઘોસ બોલાવી છે અને વાવડી સ્થિત કારખાનામાં ત્રાટકીને ૨૦,૦૦૦ રમકડા તથા કાચો માલ અને પેકેજીંગ સામગ્રી સીઝ કરી હતી.

બીઆઈએસનાં રાજકોટ ઝોનના વડા એસ.ડી.રાણેએ જણાવ્યું હતું કે ગોંડલ રોડ પર વાવડી સ્થિત સદગુરૂ વાઈઝ એન્ડ મોલ્ડસમાં બનાવટી અને હલ્કી ગુણવતાનાં રમકડાનું ઉત્પાદન થતુ હોવાની બાતમીના આધારે અધિકારીઓનો કાફલો ત્રાટકયો હતો. તપાસ દરમ્યાન કંપની અન્ય ઉત્પાદકો માટે આઈએસઆઈ માર્કાવાળા ઉપરાંત માર્કા વિનાનાં રમકડા બનાવતી કંપની હોવાનું માલુમ પડયુ હતું.

બીઆઈએસ કાયદાની કલમ ૧૭ હેઠળ કાર્યવાહી કરીને આઈએસઆઈ માર્કા વિનાના ૨૦,૦૦૦ રમકડા જપ્ત કરવામાં આવ્યા હતા. મોટી માત્રામાં કાચોમાલ તથા પેકેજીંગ સામગ્રી પણ જપ્ત કરવામાં આવી હતી જેની કિંમત અંદાજીત ૧૫ લાખની ગણવામાં આવી રહી છે.

તેઓએ કહ્યું કે, આઈએસઆઈ માર્કા વિનાના રમકડાનાં ઉત્પાદન કરવાનાં નિયમભંગ બદલે લાખના દંડ તથા બે વર્ષની જેલસજાની જોગવાઈ છે. કેટલાક ઉત્પાદકો બીજાનાં લાયસન્સ નંબરનો ઉપયોગ કરીને અથવા આઈએસઆઈ માર્કા વિનાના રમકડા બનાવતા હોવાનું ધ્યાને આવ્યુ હતું તેના આધારે રેડ કરવામાં આવી હતી.

અગાઉ પણ ડુપ્લીકેટ આઈએસઆઈ માર્કા વિનાના રમકડા વેચતા વેપારીઓ પર તવાઈ ઉતારવામાં આવી હતી. બાળકોના આરોગ્ય માટે જોખમ સર્જતા આવા રમકડાનો ઉપયોગ ન કરવા તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે.

ગુલાબ અને ગલગોટા સહિતના ભાવ આસમાનને આંબી ગયા

સૌરાષ્ટ્રમાં સતત વરસાદ શરૂ રહેતા ફૂલના ભાવ વધ્યા છતાં ડિમાન્ડમાં ઉછાળો

રાજકોટ.તા.૨૦

પાવનકારી ચાતુર્માસ અંતગર્ત અધિક પુરૂષોત્તમ માસના પ્રારંભથી ફૂલના ભાવ સડસડાટ રીતે આસમાનને આંબી ગયો છે. છેલ્લા ઘણા સમયથી સતત વરસાદ શરૂ રહેતા અપુરતા ઉત્પાદન, આવકમાં ઘટાડો અને માંગમાં ડબલ વધારો થતા ગુલાબ, ગલગોટા સહિતના ફૂલના ભાવમાં બમણો ઉછાળો નોંધાયો છે. છેલ્લા સમાહથી સૌરાષ્ટ્રમાં મેઘરાજાની કૃપાદ્રષ્ટિ અવિરતપણે શરૂ રહેતા ફૂલના વ્યવસાયકારોને મોટો આર્થિક ફટકો સહન કરવાનો વખત આવ્યો છે. ત્યારે સતત વરસાદ શરૂ રહેતા ફૂલની કળીઓમાં પણ પાણી ભરાતા ફૂલ ખરાબ થઈ રહ્યા છે. એટલુ જ નહિ જિલ્લામાં કેટલાક સ્થળોએ તો ગુલાબના પાકને પણ વિપરીત અસર થઈ છે. જેથી ગત સમાહથી પ્રારંભાયેલા પવિત્ર પુરૂષોત્તમ માસના પ્રારંભથી જ ફૂલના ભાવ ઉછળ્યા છે. અધિક પુરૂષોત્તમ માસ અને શ્રાવણ

માસના અનુસંધાને ફૂલની ડિમાન્ડ વધવાની શકયતા હોય ત્યારે જ માલની આવકમાં ઘટાડો થતા ભાવ બમણા થતા ફૂલની ખરીદીમાં આંશિક ઘટાડો થયો છે. ભાવનગર જિલ્લામાં પાલિતાણા પંથકમાં ૨૦ થી ૨૫ ગુલાબ અને ગલગોટાની વાડીઓ આવેલ છે. જયારે સિહોર પંથકમાં ત્રણથી ચાર ફૂલની વાડીઓ આવેલ છે. છેલ્લા કેટલાક દિવસોથી ભાવનગરમાં મુખ્ય શાકમાર્કેટ પાસેના માળીના ટેકરા વિસ્તારમાં ગુલાબ સહિતના ફૂલનો માલ ઓછો આવે છે જેમાં વરસાદને લઈને માલ પલળેલો પણ આવતો હોય છે. આ અગાઉ પાલિતાણાની ટ્રેનમાં બાદ હવે આયશર ટેમ્પા, છોટા હાથી સહિતના ખાનગી વાહનોમાં માલ આવતો હોય છે. અગાઉ ગુલાબ ૪૫૦ રૂપીયે કિલો હતા જે હવે ૨૦૦ થી વધુ સાઇઝ અને ગુણવત્તા મુજબ મળે છે જયારે ગલગોટા અગાઉ રૂા ૪૦ના કિલો મળતા હતા જે હવે ૮૦ થી ૧૦૦ ના ભાવે અને સફેદ ફૂલ ૧૫૦ થી વધુના ભાવે જથ્થાબંધ ભાવે મળે છે. જયારે સેવન્તીના ફૂલ ૪૦ ટકા વધારે ભાવે વેચાય છે. પુરૂષોત્તમ માસના પ્રારંભથી ગોહિલવાડની પુષ્ટિમાર્ગીય હવેલીઓ સહિતના ધર્મસ્થાનકોમાં હિંડોળા ઉત્સવ શરૂ થયો હોય આ સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો, મનોરથો, સત્સંગ પણ યોજાઈ રહ્યા હોય ફૂટીન માંગમાં વધારો થઈ રહ્યો છે ત્યારે માંગની સામે જોઈતો પુરવઠો અપ્રાપ્ય હોય વિક્રેતાઓએ ફૂલના ભાવમાં બમણો વધારો કર્યો છે.આ ભાવ વધારો આંશિક વધઘટ સાથે આગામી દિવાળીના તહેવાર સુધી યથાવત રહેશે તેવુ વિક્રેતાએ જણાવ્યુ હતુ.

સૌરાષ્ટ્રમાં મેઘ તાંડવ યથાવતઃ સોરઠ, ગીર સોમનાથ જળબંબાકાર

કુતિયાણામાં સાડા સાત ઈંચઃ વલ્લભીપુરમાં ૬, ભાવનગરમાં ૪, ઉપલેટામાં પાંચ ઈંચઃ હવામાન ખાતા દ્વારા ભારે વરસાદની આગાહીને પગલે એલર્ટ જાહેર

રાજકોટ,તા.૨૦

સૌરાષ્ટ્રમાં મેઘ તાંડવ યથાવત રહેલ છે. ખાસ કરીને છેલ્લા ૨૪ કલાકમાં દરમ્યાન સોરઠ, ગીર સોમનાથ જિલ્લાને મેઘરાજાએ ધમરોળી નાંખ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર સોરઠમાં સૌથી વધુ ૨૪ કલાકમાં માંગરોળમાં ૧૪-ઈંચ અને માળીયામાં ૯-ઈંચ વરસાદ ખાબકી જતા માંગરોળ અને માળીયા હાટીના જળબંબાકાર થઈ ગયા હતાં.જ્યારે જૂનાગઢ શહેરમાં ૬, કેશોદમાં-૭ અને માણવદરમાં ૫.૫ ઈંચ, વંથલીમાં-૪ અને વિસાવદરમાં-૩ ઈંચ વરસાદ નોંધાયો હતો.

જ્યારે, ગિરસોમનાથ જિલ્લામાં વેરાવળ ખાતે ૪.૫ ઈંચ સૂત્રાપાડામાં ૩-ઈંચ અને કોડીનારમાં ૧-ઈંચ વરસાદ નોંધાયો હતો.આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં ધોરાજી ખાતે-૫, જામકંડોરણામાં-૧, જેતપુરમાં-૪, લોધીકામાં-૨, તથા ઉપલેટામાં-૫ ઈંચ વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં પડવા પામ્યો હતો.તથા જામનગર જિલ્લામાં જામજોધપુરમાં-૮ જામનગરમાં-૪, કાલાવડમાં-૬, અને લાલપુરમાં-૫ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો હતો.પોરબંદર જિલ્લામાં પણ કુતિયાણા ખાતે ધોધમાર ૭.૫ ઈંચ જેટલો અને રાણાવાવમાં-૨ તથા પોરબંદર શહેરમાં -૧ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો હતો.

ઉપરાંત ભાવનગર શહેર અને જિલ્લામાં આજે પણ વરસાદની આગાહી છે. આજે સવારથી જ શહેરમાં ઝરમરિયો વરસાદ શરૂ થયો હતો. સમગ્ર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અડાધાથી છ ઈંચ વરસાદ વરસી ગયો છે. ભાવનગર શહેરમાં ચાર ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં પાણી ઘૂસ્યા હતા અને સોસાયટી વિસ્તારો બેટ માં ફેરવાયા હતા.

હવામાન ખાતાની ભારે વરસાદની આગાહી ની વચ્ચે ભાવનગર શહેરમાં ગઈકાલે મુશળધાર વરસાદ તૂટી પડ્યો છે . મુશળધાર ચાર ઈંચ થી વધુ વરસાદ પડીજતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. વીજળીના કડાકા ભડાકા થી લોકો માં ભયની લાગણી ફેલાઈ જવા પામી હતી. હવામાન ખાતા દ્વારા આજેપણ ભારે વરસાદની આગાહીને પગલે ભાવનગર માં એલર્ટ જાહેર કરવામાં આવેલ છે. ભાવનગર શહેર ઉપરાંત ગ્રામ્ય પંથકમાં પણ સારો વરસાદ પડયો હતો.

ભાવનગર શહેર અને જિલ્લામાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. ભારે વરસાદને કારણે શહેરના કુંભારવાડા વિસ્તારમાં ગોઠણ .સમા પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓમાં પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.આજે ગુરૂવારે સવારે છ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાવનગર શહેરમાં ૯૬ મી.મી. ઉમરાળા ૮૬ મી.મી.ગારીયાધાર ૩૧ મી.મી. ઘોઘા ૬૧ મી.મી. તળાજા ૨૨ મી.મી.પાલીતાણા ૨૮ મી.મી. વલભીપુર માં ૧૪૪ મી.મી.અને સિહોરમાં ૬૬ મી.મી.મહુવા માં ૨૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જ્યારે અમરેલી જિલ્લામાં સરેરાશ વરસાદ જેટલો કે તેનાથી પણ વધારે અમુક વિસ્તારોમાં વરસાદ પડી જતાં હવે જગતાત ગણાતા ખેડૂતો વરસાદ બંધ થાય અને વરાપ નિકળે તેમ ઈચ્છી રહ્યા છે. બીજી તરફ હવામાન નિષ્ણાંતો આગામી દિવસોમાં વરસાદ પડયા જ કરશે તેવી આગાહી કરીને સૌની ચિંતા વધારી રહ્યા છે. દરમિયાન અમરેલી જિલ્લામાં ગઈકાલે આખો દિવસ ટપક ટપકવરસાદ પડયો હતો તથા ગઈકાલે વહેલી સવારે પુનઃ વરસાદ શરૂ થયો હતો. બાબરા તાલુકાના પાંચાળ વિસ્તારમાં તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે બપોર બાદ ધોધમાર વરસાદ પડતા સ્થાનિક નદીમાં પુર આવ્યા હતા. જેના કારણે પુરના પાણી કોઝવે અને રોડ પર ફરી વળતા રસ્તાઓ બંધ થયા હતા.

બાબરા તાલુકાનાં જામ બરવાળા અને ગઢડા તાલુકાના લિંબડીયા ગામ વચ્ચે આવેલ કોઝવે ઉપરથી સ્થાનિક નદીનું પાણી ઉપર થઈ રોડ પર ફરી વળતા રસ્તો બંધ થયો અને અહીથી પસાર થતાં વાહનચાલકો તેમજ અન્ય મુસાફરોને પુરના પાણી ઓસરે નહિ ત્યાં સુધી રજળવાની ફરજ પડી હતી.

અમરેલી જિલમાં આજે સવારે પુરા થતાં ૨૪ કલાક દરમીયાન અમરેલીમાં ૨૧ મીમી,ખાંભામાં ૮ મીમી, ધારીમાં ૯ મીમી, વડિયામાં ૪૬ મીમી, બગસરામાં ૨૨ મીમી, બાબરામાં ૨૯ મીમી, લાઠીમાં ૬ મીમી, લીલીયામાં ૧૨ મીમી અને સાવરકુંડલામાં ૬ મીમી વરસાદ નોંધાયો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ઘટાટોપ વરસાદી માહોલ છવાય છે. પરંતુ નોંધપાત્ર વરસાદ વરસતો નથી. ગઈકાલે જિલ્લામાં દ્વારકામાં માત્ર ચાર મીલીમીટર સાથે સૌથી વધુ ભાણવડ તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે.

ભાણવડ પંથકના ગઈકાલે દિવસ દરમિયાન ભારે ઝાપટા રૂપે ૩૫ મીલીમીટર વરસાદ વરસી ગયો હતો. ત્યારે ખંભાળિયામાં માત્ર આઠ મીલીમીટર, કલ્યાણપુરમાં આજે સવારના આઠ મીલીમીટર સાથે કુલ ૧૯ મીલીમીટર જ્યારે દ્વારકામાં માત્ર ચાર મીલીમીટર વરસાદ નોંધાયો છે.

ભાવનગરના ઘોઘા પંથકમાં વીજળી પડતા યુવાનનું મોત

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના જુનાપાદર ગામે સુજનભાઈ ખીમજીભાઈ જેઠવા ઉ.વ.૨૨નું વીજળી પડતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળેલ છે. ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના જુનાપાદર ગામે સુજનભાઈ ખીમજીભાઈ જેઠવા ઉ.વ.૨૨નું વીજળી પડતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળેલ છે.મેયર તથા કમિશનરે મુલાકાત લીધી.ભાવનગર શહેરમાં ગઈ કાલે ચાર ઈંચ જેટલો વરસાદ વરસી જતા કુંભારવાડા વિસ્તારમાં ગોઠણસમાં પાણી ભરાઈ ગયા હતા.સાંજે મેયર કિર્તીબેન, મ્યુ. કમિશનર ઉપાધ્યાય અને નગરસેવકો સહિત આગેવાનો એ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી કાલે ગીરસોમનાથ જિલ્લાનું હવાઈ નિરીક્ષણ કરશે

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવતીકાલ શુક્રવારે ગીર સોમનાથ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. વરસાદના ચાલુ રાઉન્ડમાં સૌથી વધુ પ્રભાવિત આ જિલ્લો થયેલ છે. સૂત્રાપાડા વેરાવળમાં આભ ફાટતા મોટી નુકસાની પણ થઈ છે. હવે મુખ્યપ્રધાન કાલે ગીર સોમનાથ જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કરશે.તેઓ વેરાવળ અથવા સોમનાથ ઉતરે તેવી શકયતા હોય અધિકારીઓ વ્યવસ્થામાં લાગી છે.

ઉપલેટા મોજ ડેમના ૨૭ પાટીયા સાડા પાંચ ફુટે ખોલાયા

ઉપલેટામાં ગઇકાલે બીજે દિવસે પણ બે ઈંચ જેટલો વરસાદ પડી જતા મોસમનો કુલ વરસાદ ૧૦૭૦ મીમી થયેલ છે તાલુકાના મોજ ડેમ વિસ્તારમાં ભારે વરસાદ પડતા ડેમના ૨૭ પાટીયા ૫.૫ ફુટ ખોલવામાં આવેલ છે. ડેમ ઉપર ગઇકાલે બપોરના બે થી ચા દરમિયાન ૧૦૦ મીમીં વરસાદ પડેલ છે તેથી નીચે આવતા ગામો ગઢાળા સેવંત્રા, મોજીરા, ખાખીજાળીયા, વાડલા, ઉપલેટા ગામોમાં એલર્ટ કરાયા છે.

રાજકોટમાં ધોધમાર વરસાદઃ ઠેર ઠેર પાણી ભરાયા

તસવીરઃ દિલીપ ગોહેલ

ભુતખાના ચોકમાં અકસ્માતઃ એસટી બસની ઠોકરે યુવાનનું મોત

યુવાન શેઠનું વાહન હંકારી ચા પીવા નીકળ્યો અને કાળ ભેટી ગયોઃ પરિવારનો એકનો એક પુત્ર ચાર મહિનાથી રાજકોટ પેટીયુ રળવા માટે આવ્યો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા. ૨૦:

શહેરના ભુતખાના ચોકમાં સવારમાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં એસટી બસની ઠોકરે ચડી જતાં એકટીવાનો બૂકડો બોલી ગયો હતો અને તેના ચાલક કરણપરામાં રહેતાં એકવીસ વર્ષના બંગાળી યુવાનનું ગંભીર ઈજા થતાં મોત થયું હતું. ચા પીવા જવા નીકળ્યો ત્યારે તેને કાળ આંબી ગયો હતો.

જાણવા મળ્યા મુજબ કરણપરા શેરી નં. ૩૬માં હિતેષભાઈના મકાનમાં ભાડેથી રહેતો અને શકિતપાત્રા નામના વેપારીનું સોની કામ કરતો મુળ બંગાળના ભગવાનપુર પંથકનો વિપ્લવ રણજીતભાઈ દત્ત (ઉ.વ.૨૧) સવારે પાંચેક વાગ્યે કરણપરામાંથી શેઠનું એકટીવા લઈને ચા પીવા જવા અને બીજા કામ માટે નીકળતાં ભુતખાના ચોકમાં એસટી બસની ઠોકરે ચડી



જતાં એકટીવાનો બૂકડો બોલી ગયો હતો.

ચાલક વિપ્લવ દત્ત ફંગોળાઈ જતાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આરંભે તેને અજાણ્યા દર્દી તરીકે દાખલ કરી ગંભીર ઈજાઓ પહોંચી હોઈ તુરત જ ઓપરેશન માટે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના જીજ્ઞેશભાઈ મારૂ અને જયદિપભાઈ હુદડે જાણ કરતાં એ-ડિવીઝનના ભાવેશભાઈ સહિતે ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પાસેથી મળેલા ફોનને આધારે તપાસ થતાં તેની ઓળખ થઈ હતી. તે મુળ બંગાળનો અને હાલ કરણપરામાં રહી સોની કામ કરતો હતો. તે એક બહેનથી મોટો અને પરિવારનો આધારસ્તંભ હતો. ચાર મહિના પહેલા જ પેટીયુ રળવા આવ્યો હતો.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.